
ISSN 0976 – 9809 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૪ એપ્રિલ ૨૦૧૫ સળંગ અંક : ૫૨૨


# વિ-વિદ્યાનગર



Charutar Vidya Mandal
Vallabh Vidyanagar




ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે વલ્લભ વિદ્યાનગર દિવસની ઉજવણી સમારંભમાં સીવીએમના સાત દાયકાના ઈતિહાસ અંગે ડૉ.રમેશ એમ.ત્રિવેદીલિખિત ગ્રંથનું લોકાર્પણ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને મુખ્ય અતિથિ ડૉ.દાઉદભાઈ ઘાંચીને હસ્તે થયું હતું. આ પ્રસંગે સ.પ.યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, વલ્લભ વિદ્યાનગર પાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ(બાબાભાઈ), સીવીએમના ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ, માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ અને માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલ દશ્યમાન છે.




ચારુતર વિદ્યામંડળસંચાલિત આર.એન. પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઑફ લૉ એન્ડ જસ્ટિસના તૃતીય વાર્ષિકોત્સવમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એસ.જી. શાહ મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરી રહ્યા છે. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલ અધ્યક્ષસ્થાને હતા. સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ અને કૉલેજના આચાર્ય ડૉ. શૈલેષ હેડલીની ઉપસ્થિતિમાં કૉલેજના મૅગેઝિન ‘લેગસી ૨૦૧૫’નું મહાનુભાવોને હસ્તે લોકાર્પણ થયું હતું.




**તંત્રી**

હરિ દેસાઇ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા



**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ ગામડી


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન


માર્ચ ૨૦૧૫

વર્ષઃ ૧૭ અંકઃ ૪

(સળંગ અંકઃ ૫૨૨)

**ISSN 0976-9809-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


*કર્મણ્યેવાऽધિકારસ્તે*


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ.આર.સી.દેસાઇ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

આપણે ડર કાઢી બીજાને ડરાવીએ તેના જેવું એકેય પાપ નથી, માટે તમે ઈશ્વરનો ડર રાખો. પહેલાં તમે ડર કાઢી નાખો સ્વતંત્ર થાઓ એટલે ધર્મનું રક્ષણ થશે.

**- સરદાર પટેલ**


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

માર્ચ ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૪

(સળંગ અંક: ૫૨૨)

**ISSN 0976-9809-V Vidyanagar**


**दातृत्वं प्रियवक्तृत्वं धीरत्वमुचितज्ञता ।**
**अभ्यासेन न लभ्यन्ते चत्वारः सहजा गुणाः ॥**

દાન આપવાની ટેવ, પ્રિય બોલવું, ધૈર્ય તથા યોગ્ય જ્ઞાન-આ ચાર વ્યક્તિના સ્વાભાવિક ગુણ છે, જે અભ્યાસથી નથી આવતા. **ચાણક્યનીતિ:૧૧:૧**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ સરકારો વિચારે • ડૉ.સી.એલ. પટેલ

॥ પ્રાથમ્ય ॥ અંગ્રેજી, સંસ્કૃત અને ટેકનોલોજીનો ત્રિવેણીસંગમ • હરિ દેસાઈ / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ) • પ્રહલાદ પારેખ, ઉમાશંકર જોશી, ચંદ્રકાન્ત દત્તાણી, મફત ઓઝા / 3

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) સોમનાથઃ સ્વપ્રસિદ્ધિની પરમ ક્ષણ • ક.મા.મુનશી / 4

॥ નવાં કાવ્યો ॥ • નીરજ મહેતા, રાકેશ હાંસલિયા, ભરત વિંઝુડા, સાહિલ / 8

॥ વ્યાખ્યાન ॥ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને વિજ્ઞાન • અનામિક શાહ / 9

॥ Gyan-Vigyan ॥ Transition Metal Dichalcogenides by NbSxSe2-x (0 = x = 2) • Mehul Dave / 14

॥ દસ્તાવેજ ॥ ગાંધીજી ગયા પછી તુરંતનું ભારત • મનુબહેન ગાંધી / 16

॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્મૃતિકાળમાં કન્યાનાં દર્શન શુકનવંતા • પારુલટીના દોશી / 20

॥ આરોગ્ય ॥ વાતરક્તઃ એક કષ્ટદાયક વ્યાધિ • અમિતા વ્યાસ / 23

॥ Institution ॥ CVM's V&C Patel English School • Madhuri Ravishankar / 25

॥ વિદ્યાવૃત્ત ॥ / 28

# સરકારો વિચારે

ડૉ.સી.એલ. પટેલ

ફેબ્રુઆરી માસ દરમિયાન અને માર્ચ મહિનાની શરૂઆતમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રજા અને રાજકીય પક્ષો નવા વર્ષમાં શું શું પ્રજાલક્ષી કાર્યો કરવા માંગે છે અને ગત વર્ષે થયેલ ક્ષતિઓને કઇ રીતે દૂર કરવા માંગે છે તેને માટેનું મનોમંથન ચાલતું હોય છે. દરેક દેશની પ્રજા તેણે મૂકેલ પક્ષોમાં વિશ્વાસ અને વિશ્વાસની સાથે સોંપેલ રાજ્યસત્તા, આ બધામાં ઊંડે ઊંડે પ્રજાને જે કોઇ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે દૂર થાય તથા લોકો સુખેથી જીવી શકે તેવા કાયદાઓ અને વિકાસનાં આયોજનો થાય તે માટે મીટ માંડીને બેઠેલા હોય છે.

પ્રજાએ જેમનામાં વિશ્વાસ મૂક્યો છે તેમણે હરહંમેશ એ વાતની ચિંતા કરવાની રહે કે પ્રજાને આપેલાં વચનો અને બીજાં આયોજનો પૂરાં કરવા માટે જે કોઈ ખર્ચ કરવાનો થાય તેની સામે પ્રજાને પોતાના જીવનધોરણ માટે જરૂરી છે તેના કરતાં વધુ બોજો સહન કરવો ના પડે, તે રીતે આવતા વર્ષના અંદાજપત્રમાં ભલામણો હોય. એ પછી આવી ભલામણોમાં કોઇ ખાસ વર્ગને ફાયદો ના થાય અને સારુંય અંદાજપત્ર લોકકલ્યાણાર્થે હોય તે માટે ખાસ કાળજી લેવાય તેવું દરેકના મનમાં હોય છે.

બંધારણે દરેક નાગરિકને આપેલા પોતાને સારું જીવન પ્રાપ્ત થાય તેવા સંકેત દરેક બજેટમાં હોય તેવું પ્રજા ઈચ્છે. હમણાં હમણાં ઘણા બધા કાયદા અને અંદાજપત્રમાં જે રીતે ખાસ એક વર્ગને ફાયદો થતો દેખાઇ આવે છે, એ આખરે ગમે તે આશયથી વિચારાયું હોય, પરંતુ એવા કાયદાઓ અને આવાં અંદાજપત્રો પ્રજાલક્ષી કહેવાય નહીં. આપણો દેશ ખેતીપ્રધાન છે. દરેક ખેડૂત પોતાની ખેતી માટેની જમીનને પોતાની મા સમાન ગણે છે. અને એ રીતે તેની પવિત્રતા જાળવે છે. હમણાં હમણાં જમીન સંપાદનના જે કાયદા થયા તે કાયદા ખેડૂતની માતા સમાન જમીનને કોઈપણ રીતે હડપ કરવાના નિર્ણય સમાન હોઇ એને હું મારા વિચાર પ્રમાણે પ્રજાવિમુખ અને પ્રજા માટે કાળા કાયદા સમાન લેખું છું. સરકારે કેટલાંક સેવાભાવી સંગઠનો જેવાં કે અણ્ણા હજારે અને બીજાઓને પોતાના જીવનના જોખમે સત્યાગ્રહ કરવો પડે તે પણ મારે મન સરકાર માટે શોભાસ્પદ નથી.

આવા કાળા કાયદાઓ જ્યારે બ્રિટિશ સરકારમાં હતા ત્યારે ગાંધીજી, સરદાર અને નેહરુની દોરવણી નીચે તેમની સામે ઘણા સત્યાગ્રહો થયા. એવા સત્યાગ્રહો સ્વતંત્ર ભારતમાં થાય તે સરકાર માટે શોભનીય નથી. કોઈપણ સરકાર પોતાના રાજકીય પક્ષ મારફતે ચૂંટણી લડીને જ્યારે પ્રજાની સુખાકારી માટેની જવાબદારી સંભાળે છે ત્યારે તેમણે ભૂલી જવું ના જોઈએ કે ભારતના બંધારણે નાગરિકોને સ્વતંત્રતાના જે હક્કો આપેલા છે તે હક્કો પર કોઈ તરાપ મારે તેવા નિર્ણયો સરકાર ના લે તે આજની માંગ છે.

આપણા દેશમાં શિક્ષણ-સંશોધન અને ખેડૂતલક્ષી નિર્ણયોની ખૂબ જરૂર છે. પ્રજાનો મોટો ભાગ જ્યારે ખેતી પર નભતો હોય ત્યારે ખેતી કરનાર કુટુંબ અને તેના પર નભતાં ખેતમજૂરોનાં કુટુંબોને જો ખેતપેદાશોમાં પૂરેપૂરું વળતર ના મળે તો પોતાના જીવનમાં જે સુખશાંતિ પ્રાપ્ત કરવાની હોય તે ના કરી શકે. આથી જ ખેડૂત કુટુંબો અને ખેતી સાથે જોડાયેલાં કુટુંબોનાં બાળકો માટે સરકારે ખાસ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. તેમના માટે દરેક વર્ષના અંદાજપત્રમાં ખાસ જોગવાઈ રાખવી જોઈએ.

સરદાર સાહેબે ભાઈકાકાને એક પોસ્ટકાર્ડ લખીને જણાવ્યું કે ભાઈલાલ, આપણે શહેરોમાં ઘણાં કામ કર્યાં. હવે ગ્રામીણ પ્રજાને ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ આપી તેમનાં બાળકોનું ઘડતર કરવું,જેથી સ્વતંત્રતા બાદ તેમનાં બાળકો પણ ઊંચું ડોકું રાખીને સારી રીતે જીવી શકે અને દેશના વિકાસમાં ફાળો આપી શકે. આવું ચરોતર પ્રદેશમાં બન્યું, પણ સરકારશ્રીના પ્રયત્નોથી રાજ્ય કે કેન્દ્ર સ્તરે આવાં કેન્દ્રો ઊભાં કરીને ઉચ્ચ શિક્ષણના સઘન પ્રયત્નો થાય તો જ રાજ્યોમાં ખેડૂતોના આપઘાતના કિસ્સા ઓછા થાય અને ધરતીનો ધણી જે અન્ન પકવે છે તે પણ ભૂખ્યો ના મરે અને ગરીબાઈમાં ના ધકેલાય, તે જોવાની જવાબદારી દરેક રાજ્ય અને મધ્યસ્થ સરકારની છે. તે માટે સરકાર સજ્જ બને તે આજની માંગ છે.

(૨ માર્ચ ૨૦૧૫)

॥ પ્રાથમ્ય ॥

## અંગ્રેજી, સંસ્કૃત અને ટેકનોલોજીનો ત્રિવેણી સંગમ

### હરિ દેસાઇ

હમણાં નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કારધામના દ્વિશતાબ્દી મહોત્સવ અને એના સૂત્રધાર શ્રી ડાહ્યાભાઇ શાસ્ત્રીનાં ૯૦ વર્ષનાં વધામણાંના ઓચ્છવ ટાણે ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પધાર્યાં અને એમણે જે મનનીય વ્યાખ્યાન આપ્યું. એના અંશ વાંચીને એની પૂરેપૂરી ટેક્સ્ટ મંગાવ્યા વિના રહેવાયું નહીં. મુખ્યમંત્રી માત્ર રાજનેતા જ નથી, એ પ્રતિષ્ઠિત શાળાનાં આચાર્ય પણ રહ્યાં છે. મૂળે વિજ્ઞાનમાં અનુસ્નાતક કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવનાર રહ્યાં છે. એમણે એ વ્યાખ્યાનમાં અંગ્રેજી, ટેકનોલોજી અને સંસ્કૃતના ત્રિવેણીસંગમની વાતને સુપેરે વણી લીધી. માત્ર સંસ્કૃતને દેવભાષા કે પંડિતોની ભાષા ગણાવવાના બદલ સામાન્ય જન સુધી એને પહોંચાડવાની હોંશ વ્યક્ત કરી અંગ્રેજીના ક્રેઝને વખોડવાને બદલે અંગ્રેજી અને ટેકનોલોજીની આવશ્યકતાની સાથે જ સંસ્કૃતના જ્ઞાન અને જતન તેમ જ સંવર્ધનની આવશ્યકતા પર ભાર મૂક્યો.

સંસ્કૃત અને સમગ્ર ભારત વર્ષની સંસ્કૃતિનો સંબંધ અતૂટ છે. એને રાજકીય દૃષ્ટિએ મૂલવવાની જરૂર નથી, પણ પ્રજાના જીવન સાથેના અંતરંગ અને અનિવાર્ય સંબંધ તરીકે નિહાળવાની જરૂર છે. સંસ્કૃત એ જીવંત ભાષા છે, એને જૂની પુરાણી-કલાસિકલ ભાષા સ્થાપિત કરીને એનો મૃત્યુઘંટ વગાડવાને બદલે મુખ્યમંત્રી આનંદીબહેન કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ નહીં, કર્ણાટકના કૉંગ્રેસી મુખ્યમંત્રી સિદ્ધરામૈયાથી હઇને જમ્મુ-કાશ્મીરના પીડીપીના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્દ સઇદ સુધીનાએ જ્ઞાન-વિજ્ઞાનની આ વિશ્વભાષાને પોષક સરકારી માહોલ ઊભો કરવાની આવશ્યકતા છે. સંસ્કૃતને હિંદુઓની ભાષા અને ઉર્દૂને મુસ્લિમોની ભાષા ગણાવનારા ખરા અર્થમાં તો અજ્ઞાની લેખાશે. કારણ વર્ષો સુધી મુંબઇમાં પત્રકારત્વનું ખેડાણ કરતાં અમારો સંબંધ સંસ્કૃતના મહાપંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર સાથે આવ્યો હતો. જન્મે એ મુસ્લિમ, પણ સોલાપુરની પાઠશાળામાં ભણીને મુંબઇની મ્યુનિસિપલ સ્કૂલમાં પ્રાથમિક શાળાનાં હિંદી શિક્ષક તરીકે નિવૃત્ત થનાર પં. બિરજદાર પવિત્ર કુર્રાનને પણ સંસ્કૃત શબ્દ લેખાવતા રહ્યા. કુરાન એટલે અવકાશમાંથી જે પવિત્ર અવાજ અથવા વાણીબોધ પ્રાપ્ત થયો તે કુર્રાન. મૃત્યુ પૂર્વે એમણે પવિત્ર કુર્રાનને સંસ્કૃતમાં અનુદિત કરવું હતું. આ પં. બિરાજદાર સામાન્ય રિક્ષાવાળા સાથે સંસ્કૃતમાં વાત કરે તો પેલો અભણ માણસ પણ સમજી શકે. એટલે અમો હંમેશા કહેતા હતા કે સંસ્કૃતનું કોઇએ સત્યાનાશ વાળ્યું હોય તો પંડિતોએ. ભારેખમ સાહિત્યની વાતો અને રામ:રામો રામા:માં સંસ્કૃતને ગૂંચવી નાંખીને લોકોથી આ ભવ્ય ભાષાને દૂર કરીને એને દેવભાષા ગણાવી લીધી. બ્રાહ્મણોની ભાષા બનાવી દીધી. અછૂત ગણાતી જાતિઓ માટે એ ભણવા પર પ્રતિબંધ આવી ગયો. આજે સ્થિતિ ઊલટી છે. સંસ્કૃતના અધ્યાપકો અને શિક્ષકોમાં ઘણા બધા તેજસ્વી દલિતો જોવા મળે છે. ભાષાને શું વળગે ભૂર? ભાષાને તે નાતજાતના કે આભડછેટના વાડામાં પૂરાતી હશે?

સંઘ પરિવારની સંસ્કૃત ભારતી સંસ્થાએ તો ભેખ લીધો છે કે ગામોનાં ગામોને સંસ્કૃતમાં બોલતાં કરવાં. સંઘપરિવારના આ ઉપક્રમને બિરદાવવા માટે કૉંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ આગળ આવવાની જરૂર છે. એમ તો સંસ્કૃતના સમર્થકોમાં પંડિત જવાહરલાલ નેહરુનું નામ મોખરે મૂકી શકાય અને ડૉ.બાબાસાહેબ આંબેડકર પણ સંસ્કૃતના સમર્થક હતા એની વાતને કોણ નકારી શકે?અમારા દિવંગત ૧૨ વર્ષીય તેજસ્વી પુત્ર મિલિન્દ દેસાઇ ૧ નવેમ્બર ૧૯૯૨ના રોજ મેંગલુરુ ખાતે કર્ણાટક રાજ્યોત્સવના મુખ્ય અતિથિ હતા ત્યારે યજમાન પરિવાર ખ્રિસ્તી હતો. એમનાં સંતાનો માટે અન્ય વૈકલ્પિક ભાષાઓ ઉપલબ્ધ હતી, છતાં એમણે સંસ્કૃત ભાષા લીધી હોવાની વાતે અમને ગર્વનો અનુભવ કરાવ્યો હતો. વળી એમનાં સંસ્કૃત શિક્ષક એક ગુજરાતી હોવાનો આનંદ અનેરો હતો. કેરળ યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષામાં સ્નાતક કક્ષાએ ગોલ્ડ મૅડલ મુસ્લિમ કન્યાઓને મળવાની પરંપરા હરખ કરાવે છે. મુંબઇના મહેતા પરિવાર થકી સિદ્ધપુરમાં એસ.એસ.સી.માં સંસ્કૃતમાં સૌથી વધુ ગુણ લાવનારાં વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાય અને એમાં ઘણાં મુસ્લિમ હોય એનો આનંદ છે.

ઉર્દૂને મુસ્લિમોની અને વિદેશીઓની ભાષા ગણાવનારાઓને કહેવું પડે કે ભારતના રાષ્ટ્રપતિ રહેલા પંડિત શંકરદયાળ શર્મા અને વડા પ્રધાન રહેલા ડૉ.મનમોહનસિંહ ઊર્દૂ માધ્યમમાં ભણ્યા હતાં. ઉર્દૂ શતપ્રતિશત ભારતીય ભાષા છે. લશ્કરી જસંસ્કૃતમાં રિયાતોમાંથી જન્મેલી ભાષા છે. પત્રકારશિરોમણિ કુલદીપ નાયર ઇન્ડિયન એક્સપ્રેસ જૂથમાં તંત્રી પદે રહ્યા

અને લંડનમાં ભારતીય રાજદૂત પણ રહ્યા. એ પણ ઉર્દૂ માધ્યમમાં ભણ્યા હતા. આવા અનેક ઉદાહરણ આપી શકાય. ભાષા કે ધર્મ હોતો જ નથી. ભાષાના વિવાદોના રાજકારણની વાત નિરાળી છે, પણ પ્રજા એમાં ફસાય નહીં એ રાષ્ટ્રના હિતમાં જ ગણવું પડે.

સંસ્કૃત ભાષામાંથી ભારતીય ભાષાઓ જ નહીં, પણ ઇન્ડો-યુરોપિયન ભાષાઓ પણ જન્મી હોવાની હકીકત હવે સમગ્ર વિશ્વમાં સ્વીકૃત બની છે. ભારતીય સંરક્ષણ મંત્રાલય હેઠળના ડીઆરડીઓમાં સાયક્લૉજિકલ રિસર્ચના ડિરેક્ટરપદે રહેલા જાણીતા ઇતિહાસવિદ ડૉ.એન.આર. વરાડપાંડે તો અધ્યયને આધારે વેબસ્ટર ડિક્શનરીમાંના ચાર લાખ શબ્દોમાંથી એક લાખ શબ્દો સંસ્કૃતમાંથી ઉતરી આવ્યાનું કહે છે. એમણે એવા દસ હજાર શબ્દો તારવી આપ્યા છે અને બાકીનું કામ નાગપુર યુનિવર્સિટી કરે એવું અપેક્ષિત માને છે.

અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપની આઇબીએમમાં કાર્યરત રહેલા નાગપુર નિવાસી ડૉ. શ્રીધર વર્ણેકર તો એવા મતના છે કે કૉમ્પ્યૂટર માટે સૌથી અનુકૂળ ભાષા સંસ્કૃત જ છે.

થોડા વખત પહેલાં મુંબઇમાં વિજ્ઞાન પરિષદ મળી. એમાં અનેક સત્રોમાંથી એક સત્ર સંસ્કૃત અને પ્રાચીન વિજ્ઞાન વિશે હતું. પ્રાચીનકાળમાં વિજ્ઞાને જે પ્રગતિ સાધી હતી એ વિશેના આ સત્રમાં વિમાનવિદ્યા સહિતની બાબતોની ચર્ચા થઇ. એ વિશે ભારે ઉહાપોહ મચ્યો, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટિત આ ભારતીય વિજ્ઞાન પરિષદમાં વિશ્વસ્તરના વિજ્ઞાનીઓએ પ્રાચીન વિજ્ઞાન અને સંસ્કતના ગ્રંથોની વાત કરી. એમાં વિજ્ઞાન ભારતીના અધ્યક્ષ, આઇઆઇટી-દિલ્હીના નિયામક મંડળના અધ્યક્ષ અને ‘પરમ કોમ્પ્યુટર’ના જનક ડૉ. વિજય ભાટકરનો પણ સમાવેશ હતો.

મોદી યુગમાં વિજ્ઞાન અને સંસ્કૃતના પ્રાચીન કાળ વિશે વધુ સંશોધનો થાય અને માત્ર લિપ-સર્વિસ સુધી જ એ વાત સીમિત ના રહે એટલી અપેક્ષા રાખવી આ તબક્કે અસ્થાને નહીં જ લેખાય.

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ વિજ્ઞાનનાં વિદ્યાર્થી રહ્યાં છે, આચાર્યા રહ્યાં છે, અભ્યાસી છે. મોદીયુગની આધુનિક ટેકનોલોજીથી સુપરિચિત છે અને સંસ્કૃતના સાંસ્કૃતિક વારસાના જતનની ખેવના કરે છે ત્યારે ગુજરાતની સંસ્કૃત પાઠશાળાઓ અને સંસ્કૃત યુનિવર્સિટી માટે તો સોનાનો સૂરજ ઊગવા જેવા સંજોગો સર્જાયા છે. સાથે જ ભારતીય વિજ્ઞાનને લગતી જે સંસ્થાઓ ગુજરાત અને દેશમાં કાર્યરત છે એમને માટે પણ આ શુભસંકેત છે.

ગ્લોબલ વિલેજમાં ભાષાની આવશ્યકતાની સાથે જ ટૅકનૉલૉજી અને સંસ્કૃતનો સુમેળ સાધીને ભારતનું આગવું વૈશ્વિક પ્રધાન આવતા દિવસોમાં શક્ય બને એ માટે આશાવાદ સેવીએ. અંગ્રેજીની માત્ર ઘેલછાની સાથે જ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર તેમજ ઇતિહાસથી નવી અને જૂની પેઢી પરિચિત રહે એ સમગ્ર વિશ્વમાં જેમ યોગની સ્વીકૃતિ શક્ય બની એ જ રીતે વધુ મંગળ સોપાનો સર કરવાનું શક્ય બનાવશે.

સામાન્ય રીતે રાજનેતાઓ અને શાસકોની છાપ વાતોનાં વડાં કરીને વિસરી જવાની હોય છે. પ્રજામાં એમની વિશ્વસનીયતામાં જોવા મળતો ઘટાડો ચિંતાજનક સંજોગો ભણી દોરી જાય છે. આવા ચિંતાના માહોલમાં મુખ્યમંત્રી આનંદીબહેનનું ચિંતન નવા આશાવાદી યુગનું મંડાણ કરનારું સાબિત થશે એવી શ્રદ્ધા વ્યક્ત કરીએ.

(૧૬-૩-૨૦૧૫)

(નિયામકઃ સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ, સીવીએમ બંગલો-૧૮, ભાઇકાકા લાઇબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મો:૯૮૯૮૫૪૩૮૮૧)

## આવ્યો ઉનાળો

**પ્રહલાદ પારેખ**

આવ્યો ઉનાળો ને તાપ ખૂબ લાવ્યો,
સુકાણી નદીઓ ને સુકાણાં ઝાડવાં;
રૌદ્ર સ્વરૂપે એણે આગ જગાવી. .... આવ્યો.
પંખી અકળાયાં ને પ્રાણી અકળાયાં,
માછલાં ને દેડકાં ભોં માંહે પેસતાં;
માનવ-કંઠે એણે પ્યાસ જગાવી . .... આવ્યો.
ડુંગરાયે તપતા, ધરતીયે તપતી,
આકાશ આખું બળબળતું લાગે,
અગન પિછોડે એણે ઓઢી લીધો. .... આવ્યો.
ઝાંઝવાંનાં નીર તો ભર્યાંભર્યાં લાગે,
દોડી દોડી હરણાંઓ પ્રાણ જ ત્યાગે;
પાણીની તરસે કમોતે મરતાં. .... આવ્યો.

## ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય

**ઉમાશંકર જોશી**

ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય કે ચૈતર કોણે દીઠો રે હો
વ્હાલા મોરા જોબન ઝોલાં ખાય કે ઝૂલણો લાગે મીઠો રે હો
ગોરી મોરી હૈયાં ઢળી ઢળી જાય કે ઝૂલશો ક્યાં લગી રે હો
વ્હાલા મોરા ઝૂલણો મેલ્યો ન જાય કે ઝૂલશું જિન્દગી રે હો
ગોરી મોરી ચૈતર ચાલ્યો જાય વૈશાખ વહી જશે રે હો
વ્હાલા મોરા આ શો અધીરો થાય કે આજ ઓછી કાલે હશે રે હો
ગોરી વ્હાલે મેલી આંબલિયાની ડાળ કે ચાલ્યા ચાકરી રે હો
લાગી ઊઠી વૈશાખ-જેઠની ઝાળ કે વેળા આકરી રે હો

## કાળજાળ સૂરજના તાપ

**ચંદ્રકાન્ત દત્તાણી**

કાળઝાળ સૂરજના તાપ અમને દીધા
ને રુદિયાં દીધાં છે સાવ મીણનાં...
માણસના આવડા આ મેળા ને તોય અહીં માણસ તો એકલાં ને એકલાં,
તળથી તે ટોચ લગી ડુંગર છે આયખાં ને વેગ હાય, કીડીના જેટલા,
કાગળની હોડીથી કરવાનાં પાર ધોમ સૂસવતાં રણ હવે કેટલા?
મુઠ્ઠી હાડકાંનાં પિંજરને દઈ દીધા
ખાલીપા જોજનવા ખીણના
કાળઝાળ સૂરજના તાપ અમને દીધા
ને રુદિયાં દીધાં છે સાવ મીણનાં....
પાંદડુંક લીલપના પડછાયે પડછાયે એવું લાગ્યું કે વંન ખોયાં,
ઝાંઝવાનાં વીંઝાતા દરિયે ડૂબીને પછી આંખોનાં ઝળઝળિયાં રોયાં,
જીવતર બીવતર તો બધું ઠીક મારા ભાઈ અમે મરવાની વાત ઉપર મ્હોયાં;
ચરણોને ચાલવાનું દીધું સરિયામ
અને રસ્તાઓ દઈ દીધા ફીણના
કાળઝાળ સૂરજના તાપ અમને દીધા
ને રુદિયાં દીધાં છે સાવ મીણનાં!...

## આંગણે લીલો તડકો ઊગ્યો

**મફત ઓઝા**

આંગણે લીલો તડકો ઊગ્યો લીમડી રેલમછેલ.
નેવલે ઝૂલ્યો મોગરો મહેક્યો ટોડલે ગહેક્યો મોર;
રાત આખી આ ઘેનમાં ડૂબી વડલેકીધો શોર.
આવતા જતા વાયરે ઝૂલી નાચતી નાગરવેલ.
આંગણે લીલો તડકો ઊગ્યો લીમડી રેલમછેલ.
ગામને કૂવે ગીત ગાયાં ને ઘૂમવા લાગી સીમ;
વાટ બધી આ પરમરી એની ડમરી ચડી ધીમ.
ઘૂંઘટે બેસી ખંજન મલકે અંજન છલકે હેલ;
આંગણે લીલો તડકો ઊગ્યો લીમડી રેમલછેલ
આઘે આઘે આભ ઊડ્યાના વાવડ દેતો કાગ;
મેડીએ ચડી પેખતી હું તો હૈયું ના લે તાગ.
ઝીણી ઝીણી ઘૂઘરી વાગી કાળજે રેલ્યાં ગેલ.
આંગણે લીલો તડકો ઊગ્યો લીમડી રેલમછેલ.

## સોમનાથઃ સ્વપ્નસિદ્ધિની પરમ ક્ષણ

**ક.મા.મુનશી**

(૨૩ એપ્રિલે સોમનાથ પ્રાણપ્રતિષ્ઠા દિન નિમિત્તે સરદાર પટેલના અંતરંગ સાથી, નેહરુ પ્રધાનમંડળના સભ્ય અને ભારતીય વિદ્યાભવનના સંસ્થાપક એવા જાણીતા નવલકથાકારની કલમે રજૂ થયેલો ઘટનાક્રમ પ્રસ્તુત છે.)

સોમનાથના મંદિરનું નવનિર્માણ પુરું થયું. એના બહારના દ્વારનો શિલારોપણવિધિ મેં કર્યો. એના બાંધકામમાં નવાનગરનાં માનનીય રાજમાતા ગુલાબ કુંવરબા તરફથી રૂપિયા પાંચ લાખ દાનમાં મળવાના છે. મારા સ્વપ્નને સિદ્ધ કરનાર ભગવાન સોમનાથ સમક્ષ મેં કૃતજ્ઞતાપૂર્વક હાથ જોડ્યા.

મહમ્મદ ગઝનીએ સોમનાથ ભાંગ્યું એ ઘટના હું કૉલેજમાં હતો ત્યારથી મારા ચિત્તમાં ચકરાઇ રહી હતી. મેં વડોદરા કૉલેજના મુખપત્રમાં એક લેખ લખ્યો હતો, એનું શીર્ષક બાંધ્યું હતુંઃ 'ગુજરાતઃ વિલય પામેલાં સામ્રાજ્યોની કબરભૂમિ.' આશરે ૧૯૧૦માં હું હજી વિદ્યાર્થી હતો અને કાયદાના ભણતર માટે ટર્મ ભરતો હતો ત્યારે મેં 'સોમનાથની જીત' વિશે એક લેખ લખ્યો હતો અને એ વખતના આગળ પડતા સામયિક 'ઇસ્ટ એન્ડ વેસ્ટ'માં એ પ્રગટ થયો હતો. ૧૯૨૨ના ડિસેમ્બરમાં હું આ ખંડિત તીર્થની યાત્રાએ ગયો ત્યારે મારા મન પર જે છાપ અંકાઇ તેને મેં નીચેના શબ્દોમાં વ્યક્ત કરી હતીઃ

ખંડિત, ભસ્મીભૂત થયેલ અને પરાજિત એવું આ તીર્થ આપણા અપમાન અને આપણી અકૃતજ્ઞતાનું સ્મારક બની રહ્યું છે. વહેલી સવારે સભા-મંડપમાં તૂટેલ ફરસ, ખંડિત સ્તંભો અને વેરવિખેર પથ્થરો જોઇ મારું હૃદય શરમથી સળગી ઊઠ્યું. જે સભામંડપ એક વેળા બ્રાહ્મણોના વેદગાનથી અને રાજપૂતોના શૌર્યથી પ્રકીર્તિત થયો હતો ત્યાં મારા અપરિચિત પગલાંનો અવાજ સાંભળી ગરોળીઓ પોતાના દરમાંથી બહાર ડોકાઇ પાછી સંતાઇ જતી હતી અને કોઇક અધિકારીનો ત્યાં બાંધેલો ઘોડો મારા આગમનને સાંભળી માથું ધુણાવતો હણહણી ઊઠ્યો. મારું મસ્તક શરમથી ઝૂકી ગયું.

શ્રી કૃષ્ણના દેહોત્સર્ગના પવિત્ર સ્થાને હું ગયો ત્યાં પણ પથ્થરો તૂટું તૂટું થઇ રહ્યા હતા. જૂનાગઢના નવાબે હિંદુઓના આ પવિત્ર તીર્થનો જીર્ણોદ્ધાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.ગુજરાતમાં ચૌલુક્યોના શાસન હેઠળના સુવર્ણયુગને શબ્દસ્થ કરવાનો મને અવસર સાંપડ્યો, ૧૯૩૮માં 'જય સોમનાથ' લખી. આ કૃતિના આધારે એ પછી નાટ્યરૂપાંતરો અને સંગીત-નાટ્યપ્રયોગો થયાં છે.

૧૯૪૭ના ઑક્ટોબરના અંતમાં હું નવી દિલ્હીમાં સરદાર પટેલના નિવાસસ્થાને હતો ત્યારે પ્રાદેશિક કમિશનર શ્રી બૂચનો ટેલિફોનસંદેશો આવ્યોઃ સર શાહનવાઝ ભૂતોએ જૂનાગઢનો કબજો લેવા ભારતીય સૈન્યને નિમંત્રણ આપ્યું છે. સરદારે મને આ ખબર આપ્યા ત્યારે મારું હૈયું હર્ષથી છલકાઇ ઊઠ્યું. હું બોલી ઊઠ્યોઃ 'ચાલો ત્યારે, જય સોમનાથ.!' ૧૯૪૭ની અધવચમાં સરદાર પ્રભાસપાટણ ગયા ત્યાં સોમનાથના મંદિરનાં દર્શન કર્યાં. સરદારે એક જાહેર સભામાં કહ્યુંઃ 'નવા વરસના આ પવિત્ર દિવસે આપણે નિરધાર કરીએ સોમનાથનો જીર્ણોદ્ધાર થાય. તમારે સૌરાષ્ટ્રવાસીઓએ આ માટે બનતું બધું જ કરવં જોઇએ આ એક પવિત્ર કાર્ય છે, એમાં તમારે સૌએ ભાગ લેવો જોઇએ.' રિયાસતી ખાતાએ સલાહકાર સમિતિ નીમી હતી અને પહલેથી જ આ સમિતિના અધ્યક્ષ તરીકે હું આ જીર્ણોદ્ધારની યોજના સાથે સંકળાયેલો હતો.

જે જીવતાં મૂલ્યોને બદલે મરેલા પથ્થરોમાં રસ ધરાવે છે એવા થોડા માણસોએ સૂચવ્યું કે પ્રાચીન મંદિરના ખંડેરને પુરાતન નમૂના તરીકે જાળવી રાખવું જોઇએ. હું મારા મનમાં તદ્દન સ્પષ્ટ હતો કે સોમનાથનું મંદિર માત્ર પુરાતન નમૂનો નથી. એ સમગ્ર રાષ્ટ્રના હૃદયમાં જીવે છે. એ રાષ્ટ્રીય પ્રતિજ્ઞા છે.

જ્યારે પુરાતત્વખાતું એ ખંડેરને જાળવવા મથી રહ્યું હતું ત્યારે સરદારે પોતાની લાગણીઓને વાચા આપીઃ આ મંદિર વિશેની હિંદુઓની લાગણી ખૂબ જ દૃઢ અને વ્યાપક છે. અત્યારના સંજોગોમાં માત્ર મંદિરમાં નાનાંમોટાં સમારકામથી આ લાગણી સંતોષાય એ શક્ય નથી. ખરો પ્રશ્ન જ્યોતિર્લિંગની પ્રાણપ્રતિષ્ઠા કરવાનો છે અને હિંદુ પ્રજાના ભક્તિભાવ અને સ્વમાનનો આ પ્રશ્ન છે.'

સરદાર પટેલ ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ અવસાન પામ્યા. શાસ્ત્રજ્ઞા પ્રમાણે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા કરવા માટે જગતની બધી જ નદીઓનાં જળ, મૃત્તિકા અને કાષ્ઠ લાવવાં જરૂરી હતાં. એટલે અમે વિદેશ ખાતા દ્વારા તમામ ભારતીય એલચીખાતાઓને આ મોકલવા વિનંતી કરી. લગભગ સૌએ આ વિનંતીનો સાનુકૂળ ઉત્તર આપ્યો. ચીનમાંના આપણા એલચી સરદાર પણિક્કરે આ

જળ અને કાષ્ઠ મોકલ્યાં તો ખરાં, પણ પંડિતજી પર લખ્યું: 'જો ભારતમાં આવું થતું રહેશે તો ચીનના લોકો આપણા માટે શું વિચારશે?' જાણે કે બીજાં રાષ્ટ્રો આગળ સારા દેખાવા માટે આપણે આપણી ઊંડામાં ઊંડી લાગણીને કોરે મૂકવી. પ્રધાનમંડળની બેઠકના અંતે પંડિત જવાહરલાલે મને બોલાવીને કહ્યું: 'તમે સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા કરો છો એ મને ગમતું નથી. એ તો હિંદુ ધર્મના પુનરુત્થાનનું કામ થયું કહેવાય.' મેં એમને કહ્યું કે હું ઘેર જઇ જે કંઇ બન્યું છે એ વિગતવાર લખી જણાવીશ.

૧૯૫૧ના એપ્રિલની ૨૪મી તારીખે મેં તેમને એક કાગળ લખ્યો. આ કાગળ હું અહીં રજૂ કરું છું:

'ભારતીય સૈન્યને જૂનાગઢમાં નિમંત્રણ અપાયા પછી સરદાર, જામસાહેબ અને ગાડગીલ જૂનાગઢ ગયા. બીજા દિવસે ૧૯૪૭ના નવેમ્બરની તેરમી તારીખે તેઓ પ્રભાસ ગયા: ત્યાં તેઓ સોમનાથના મંદિરનાં ખંડેર જોવા ગયા. ત્યાં તેઓએ નિર્ણય કર્યો કે સોમનાથ મંદિરની નવરચના કરવી. સરદારે એ જ વખતે જાહેર કર્યું કે, ભારત સરકારે મંદિરની નવરચના કરવાનો અને પ્રાણપ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય કર્યો છે. જામસાહેબ તથા જૂનાગઢના વહીવટી તંત્રે એ જ વખતે દાન પણ જાહેર કર્યાં. જૂનાગઢના વહીવટી તંત્રે પ્રભાસનગર વિકસાવવાનો ઇરાદો જાહેર કર્યો અને સોમનાથ મંદિરના વિકાસ માટે પાંચ હજાર એકર જમીન ફાજલ પાડી.

ભારત સરકારના રિયાસતી ખાતાએ એ પછી આ નિર્ણયને અમલમાં મૂકવા પગલાં લીધાં.

૧૯૪૭ની ૧૩મી ડિસેમ્બરે બાંધકામ, ખાણ તથા વિદ્યુતખાતાની સ્થાયી સમિતિએ ગાડગીલની દરખાસ્ત સ્વીકારી કે ભારત સરકારે મંદિરને એના મૂળ રૂપમાં ફરી બાંધવું અને આસપાસના એક ચોરસ માઇલ વિસ્તારને વિકસાવવો.

ગાડગીલે મને કહ્યું છે કે પ્રધાનમંડળમાં પણ આનો ઉલ્લેખ થયો હતો. એ વખતે સરકારે નિર્યણ કર્યો હતો કે બાંધકામ, ખાણ તથા વિદ્યુત ખાતાએ જૂનાં તીર્થસ્થાનોનું નવનિર્માણ કરવું અને આ મુજબ કેટલાંક મુસ્લિમ ધર્મસ્થાનો અને મસ્જિદોનું નવનિર્માણ હાથ ધરાયું હતું. ભારત સરકારે એ પછી સરકારી સ્થાપત્યવિદોને પ્રભાસની મુલાકાત લેવા અને મંદિરના નવનિર્માણ કરવું અંગે અભિપ્રાય આપવા નિયુક્ત કર્યા હતા.

સરદારે આ આખી યોજના બાપુ જોડે ચર્ચી હતી ત્યારે બાપુએ કહ્યું કે યોજના સારી છે. માત્ર મંદિરના જીર્ણોદ્ધાર માટેની સંપૂર્ણ રકમ જનતા પાસેથી આવવી જોઇએ. ગાડગીલ પણ બાપુને મળ્યા અને બાપુએ તેમને એ જ સલાહ આપી. એ પછી મંદિરના જીર્ણોદ્ધાર માટે સરકારે નાણાં આપવાં જોઇએ એ વિચાર પડતો મૂકાયો.

૧૯૪૯ના જાન્યુઆરીની ૨૩મી તારીખે જામનગરમાં પરિષદ મળી હતી: તેમાં સરદાર, જામસાહેબ, ગાડગીલ, સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઢેબર, જૂનાગઢના વહીવટકર્તા શામળદાસ ગાંધી તથા પ્રાદેશિક કમિશનર હાજર હતા. ત્યાં સુધીમાં રિયાસતી ખાતાએ મંદિરની મિલકત સોમનાથ ટ્રસ્ટને સોંપવાનો નિર્ણય લીધો હતો. આ પરિષદમાં આ વિશેની યોજનાને આખરી સ્વરૂપ અપાયું. સૌરાષ્ટ્ર સરકારે આ ટ્રસ્ટ બનાવવું એવો નિર્ણય થયો અને તેના ટ્રસ્ટીઓના બોર્ડ પર ભારત સરકાર તથા સૌરાષ્ટ્ર સરકારના બબ્બે પ્રતિનિધિઓ લેવાનું નક્કી થયું.

રિયાસત ખાતાએ ત્યાર પછી મને આ માટેનું ટ્રસ્ટડીડ કરવા વિનંતી કરી. અને મેં એ તૈયાર કર્યું.

જૂનાગઢ સૌરાષ્ટ્રમાં ભળી ગયું અને સૌરાષ્ટ્ર રાજ્યે રિયાસતી ખાતાની સંમતિથી મંદિર અંગેની જૂનાગઢ વહીવટી તંત્રની જવાબદારીઓ પોતે હાથ ધરી, અને એ અમલમાં મૂકવા પગલાં લીધાં.

રિયાસતી ખાતા અને બાંધકામ, ખાણ અને વિદ્યુત ખાતા વચ્ચેની મંત્રણાને પરિણામે ભારત સરકારે સોમનાથ વિશેના નિર્ણયોને અમલમાં મૂકવા સલાહકાર સમિતિ નીમી. આ સમિતિના સભ્યોમાં ઘણા સરકારી અધિકારીઓ હતા. સ્થાપત્ય વિભાગના મુખ્ય નિયામકને તેના સંયોજક નિયુકત કરવામાં આવ્યા અને ગુજરાતના અને ખાસ કરીને સોમનાથના પ્રાચીન ઇતિહાસના મારા જ્ઞાનને લક્ષમાં લઇ એ સમિતિના અધ્યક્ષ તરીકે મારી નિમણૂંક થઇ. અધ્યક્ષ તરીકે મેં રિયાસતી ખાતાના નિકટના સહકારમાં એ યોજનાનો અમલ હાથ ધર્યો.

બાદમાં પ્રભાસ ખાતે સ્થપાનારી સંસ્કૃત વિદ્યાપીઠની યોજના તૈયાર કરવા મને કહેવામાં આવ્યું, રિયાસતી ખાતાએ ટ્રસ્ટના ધ્યેયમાંના એક તરીકે આ યોજનાને સ્વીકારી હતી.

૧૯૪૯ની ૧૮મી ઑક્ટોબરે સરદારે ટ્રસ્ટને મંજૂર રાખ્યું, ભારત સરકારે ગાડગીલ તથા સૌરાષ્ટ્રના પ્રાદેશિક કમિશનર રેગેને ટ્રસ્ટીઓના બોર્ડ પર પોતાના

પ્રતિનિધિ તરીકે નિયુકત કર્યા. મારી તથા શ્રી બી.એમ. બિરલાની જાહેર જીવનની વ્યક્તિઓ તરીકે નિમણૂક થઇ. સૌરાષ્ટ્ર સરકારના પ્રતિનિધિઓ તરીકે જામસાહેબ તથા શામળદાસ ગાંધીની નિમણૂક કરાઇ. આ ટ્રસ્ટના કરારમાં સ્પષ્ટ કરાયું હતું કે મંદિર હિંદુ સમાજના બધા જ વર્ગો માટે ખુલ્લું રહેશે, એટલું જ નહીં પરંતુ સોમનાથના પ્રાચીન મંદિરની પરંપરા મુજબ બિનહિંદુ મુલાકાતીઓ પણ તેમાં પ્રવેશ મેળવી શકશે. આ વિસ્તારને આદર્શ નગરતરીકે વિકસાવવામાં આવશે. યુનિવર્સિટી અને કૃષિકેન્દ્ર સહિતની શૈક્ષણિક સંસ્થાઓ અહીં વિકસશે, મંદિરને હરિજનો માટે ખુલ્લું મૂકવાના નિર્ણયથી સમાજના કેટલાક રૂઢિચુસ્ત વર્ગોની ટીકા પણ વહોરવી પડી હતી. મંદિર અને બીજી મિલકત માટે એકઠું કરાયેલું ભંડોળ એ પછી ટ્રસ્ટીઓને સુપરત કરાયું હતું અને ટ્રસ્ટીઓ ત્યારથી એ સંભાળી રહ્યા છે. સરદાર ઉદ્‌ઘાટનવિધિમાં હાજર રહેવાના હતા, એટલું જ નહીં પણ પોતે ઉદ્‌ઘાટન કરવાના હતા. કમનસીબે મંદિર પૂર્ણ થઇ શકે એ પહેલાં જ સરદારનો સ્વર્ગવાસ થયો. બીજી બધી લાગણીઓ માટે નહીં તો પણ સરદારની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટે આ કાર્ય પરિપૂર્ણ કરવું જોઇએ એમ અમને સૌને લાગ્યું.

તમારા અગાઉના એક પત્રમાં તમે મને મંદિરના ખર્ચ વિશે લખ્યું હતું. વાસ્તવમાં અમે મંદિરનો બહુ નાનકડો ભાગ ફરીથી બાંધી રહ્યા છીએ અને તેનો ખર્ચ રૂપિયા ત્રણ લાખથી વધવાનો નથી. ઊજવણી વખતે માપબંધી હેઠળ રહેલા કોઇ પણ અનાજનો ઉપયોગ કરવાનો નથી. યજ્ઞમાં આહુતિરૂપે પણ અનાજના દાણા હોમવામાં નહીં આવે. પ્રતિષ્ઠાસમારંભનો ખર્ચ સોમનાથ ટ્રસ્ટના ભંડોળમાંથી તથા જાહેર દાનમાંથી જ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર સરકાર આ સમારંભ માટે રૂપિયા પાંચ લાખનો ખર્ચ કરી રહી છે, એ મતલબની અખબારી યાદી તરફ અમારું ધ્યાન દોરાયું છે. પરંતુ એનો રિદોય આપતી યાદી તરફ તમારું ધ્યાન દોરવામાં આવ્યું લગતું નથી. સૌરાષ્ટ્ર સરકાર પ્રભાસના રસ્તાઓના સમારકામ પાછળ અને ત્યાં દીવાઓ મૂકવાની વ્યવસ્થા પાછળ અને યાત્રિકોને તબીબી મદદ તથા પાણી મળી રહે એ માટે ખર્ચ કરે છે. આ પ્રકારનો ખર્ચ પોતાની હદમાં મોટા પાયા પર મેળાઓ કે સંમેલનો ભરાય ત્યારે પ્રત્યેક રાજ્ય કરે છે. કોંગ્રેસનાં સંમેલનો વખતે અને હરદ્વાર, પ્રયાગ, રામેશ્વર, નાસિક અને અજમેરના મેળાઓ વખતે પણ આ પ્રકારનો ખર્ચ કરવામાં આવે છે.

તમે પ્રધાનમંડળમાં સોમનાથ સાથે સંકળાયેલ વ્યક્તિ તરીકે મારો ખાસ ઉલ્લેખ કર્યો. મને એ ગમ્યું.કારણ કે તમે છેલ્લા થોડા મહિનમામાં મારામાં જે અપાર શ્રદ્ધા મૂકી છે એ જોતાં હું મારા દૃષ્ટિબંદુ કે મારી પ્રવૃત્તિઓનો કોઇ પણ ભાગ તમારાથી છુપાવવા ઇચ્છતો નથી. મેં કેટલીક સંસ્થાઓના નિર્માણમાં સહાય કરી છે એમાં ભારતીય વિદ્યાભવન, અંધેરી ખાતેની પબ્લિક સ્કૂલ, વગેરે મુખ્ય છે. હવે એ જ રીતે જો હું સોમનાથને ધર્મ તથા સંસ્કૃતિના કેન્દ્ર તરીકે વિકસાવવામાં તેમ જ ત્યાં યુનિવર્સિટી અને કૃષિકેન્દ્ર સ્થાપવામાં મદદ કરું તો એ મારી પ્રવૃત્તિનો એક નમ્ર ભાગ જ બની રહે છે. આ મારી મુખ્ય પ્રવૃત્તિ છે અને આ પ્રવૃત્તિ દરમ્યાન હું ધારાશાસ્ત્રી, નેતા કે પ્રધાન બન્યો એ માત્ર અકસ્માત છે. તમે જાણો છો કે મેં ઐતિહાસિક નવલકથાઓ લખી છે. તે દ્વારા મેં ગુજરાતના પ્રાચીન ઇતિહાસને અર્વાચીન ભારત સમક્ષ રજૂ કર્યો છે. મારી નવલકથા ‘જય સોમનાથ’ દેશમાં ભારે પ્રભાવ પાડી ગઇ છે.

ગઇ કાલે તમે હિંદુ નવજાગૃતિનો ઉલ્લેખ કર્યો હતો. હું તમારા આ વિશેના અભિપ્રાયથી વાકેફ છું. મેં હંમેશાં તમારા મંતવ્યને ન્યાય કર્યો છે. તમે મારાં મંતવ્યો પરત્વે પણ એવી ન્યાયબુદ્ધિ રાખશો એવી આશા હું રાખું છું. મેં બચપણથી જ કેટલીક રૂઢિઓનો મારા અંગત જીવનમાં વિરોધ કર્યો છે. મેં મારી નમ્ર રીતે સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિ દ્વારા હિંદુ ધર્મના કેટલાક અંશોનું પુનઃઘટન કરવા પ્રયત્ન કર્યો છે. અને મને ખાતરી છે કે અત્યારના સંજોગોમાં એ રીતે જ ભારતને પ્રગતિશીલ અને શક્તિશાળી રાષ્ટ્ર બનાવી શકાશે.

જામસાહેબના પત્ર વિશે વાત કરું તો પ્રતિષ્ઠાના સમારંભમાં જગતનાં વિવિધ તીર્થોનાં જળ, મુત્તિકા અને કાષ્ઠ વગેરેની જરૂર પડે છે. જગતની એકતા અને માનવજાતના ભાઇચારાનું સૂચન આ વિધિમાં છે. આપવા પરદેશમાંના રાજપુરુષોને આવી વિનંતી કરવાથી તમે આટલા ક્ષુબ્ધ થઇ જશો એની અમને ખબર નહોતી. કેટલાક મહિનાઓ પહેલાં જામસાહેબે વિદેશખાતાને પોતે લખેલા પત્ર વિશે જણાવ્યું હતું. તેમણે પોતાને મળેલા ઉત્તરો પણ વિદેશખાતાને મોકલ્યા હતા. છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી વર્તમાનપત્રોમાં પણ પરદેશથી આવતાં તીર્થ સલિલોના ખબર આવે છે. જયારે પણ કોઇ પરદેશમાંના પ્રતિનિધિને આ વસ્તુ મોકલવાનું મુશ્કેલ કે અનુચિત લાગ્યું છે ત્યારે તેણે એમ કહ્યું છે. શ્રી પણિક્કરે તમને કંઇક ફરિયાદ કરી જણાય છે. જયારે તેમણે જામસાહેબને લખ્યું છે કે હું

તમે મંગાવેલી વસ્તુઓ મોકલીશ. કદાચ તેમણે જામસાહેબ પર આ વસ્તુઓ મોકલી શકે એમ નથી એવો કાગળ લખ્યો હોત તો કોઇ તેમના પર એ માટે દબાણ લાવવાનું ન હતું.

એક વધુ વાતઃ ભૂતકાળમાંની મારી શ્રદ્ધાએ જ વર્તમાનકાળમાં કાર્ય કરવા અને આપણા ભાવિ તરફ અપેક્ષાભરી દૃષ્ટિએ જોવાનું બળ આપ્યું છે. જો સ્વતંત્રતા આપણને ભગવદગીતાથી વંચિત રાખતી હોય કે લાખો લોકોની શ્રદ્ધા નિર્મૂળ કરતી હોય અને એ રીતે આપણા ભાતીગળ જીવનનો નાશ કરતી હોય તો એનું મને મૂલ્ય નથી. સોમનાથના જીર્ણોદ્ધારનું મારું સ્વપ્ન પૂર્ણ થતું જોવાનો અવસર મને પ્રાપ્ત થયો છે. મને શ્રદ્ધા છે કે તીર્થના ગૌરવની યોગ્ય પ્રતિષ્ઠા કરવાથી આપણી પ્રજાને ધર્મની શુદ્ધ વિભાવના સમજાશે અને આપણી શક્તિની વધુ વ્યાપક જાગૃતિ પ્રસરશે. સ્વતંત્રતાના આ પ્રારંભના દિવસોમાં આપણને એનો સૌથી વધુ ખપ છે.'

મારો પત્ર વાંચી એ વખતના રિયાસતી ખાતાના સલાહકાર શ્રી વી.પી. મેનને મને લખ્યું હતુંઃ મેં તમારો અદ્‌ભુત પત્ર વાંચ્યો. તમે તમારા પત્રમાં વ્યક્ત કરેલાં મંતવ્યોના સમર્થન માટે જીવવા અને જરૂર પડે તો પ્રાણાર્પણ કરવા હું તૈયાર છું.' સોમનાથની પ્રાણપ્રતિષ્ઠા સાથે એક બીજો પ્રસંગ પણ સંકળાયેલો છે. હું રાજેન્દ્રપ્રસાદને મળ્યો અને તેમને પ્રતિષ્ઠાવિધિ કરવા વિનંતી કરી, પરંતુ મારા આ આમંત્રણની સાથે જ મેં એ શરત પણ કરી કે, જો કોઇ પણ સંજોગોમાં તમે પાછી પાની ન કરવાના હો તો જ તમે અમારૂં આ આમંત્રણ સ્વીકારજો. વડાપ્રધાન સાથેના મારા પત્રવ્યવહારની વાત એમનાથી છાની ન હતી. તેમણે વચન આપ્યું કે વડાપ્રધાનનું કોઇ પણ વલણ હોય તોયે હું પ્રાણપ્રતિષ્ઠા માટે આવીશ જ અને મને કોઇ મસ્જિદ કે દેવળના આવા પવિત્ર સમારંભમાં નિમંત્રણ આવશે તો ત્યાં પણ હું જઇશ. મારી ધારણા સાચી પડી. ડૉ.રાજેન્દ્રપ્રસાદ પ્રાણપ્રતિષ્ઠાવિધિ કરવાના છે એવા ખબર મળ્યા ત્યારે જવાહરલાલજીએ આનો સખત વિરોધ કર્યો. પરંતુ રાજેન્દ્રપ્રસાદે તેમનું વચન પાળ્યું. તેમણે સોમનાથમાં આપેલા પ્રવચનને બધાં જ વર્તમાનપત્રોએ પ્રસિદ્ધિ આપી, માત્ર સરકારની યાદીમાં જ એની નોંધ ન લેવાઇ.પછીથી પ્રાચીન તીર્થો વિશેના પંડિતજીના વલણમાં પરિવર્તન થયું હતું એ જાણી મને આનંદ થયો હતો.

જો મને બરાબર યાદ હોય તો તેમણે સાંચીમાં એક બૌદ્ધ સંતના અવશેષોની પુનઃપ્રતિષ્ઠિના ધાર્મિક ઉત્સવમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને સારનાથના જીર્ણોદ્ધાર માટે પણ ઉદાર મદદ મંજૂર કરી હતી.

એક બીજા બનાવનો હું સાક્ષી છું. ૧૯૫૪માં અલાહાબાદમાં કુંભમેળો હતો. મેળાના બે દિવસ અગાઉ પંડિતજી અને હું બધો પ્રબંધ યોગ્ય છે કે નહીં તે જોવા ત્યાં ગયા હતા. અમે સંગમ પર પહોંચ્યા ત્યારે પંડિતજી જીપ અટકાવી નીચે ઊતર્યા. તેમણે અને મેં ગંગાના પવિત્ર જળથી પોતાનું મોં ધોયું. એક ખબરપત્રી અમારી જીપની જોડાજોડ આવતો હતો. તેણે એવો અહેવાલ આપ્યો હતો કે પંડિતજીએ સંધ્યા કરી અને જનોઇ ધોઇ હતી. આ અહેવાલ એણે કલ્પનામાંથી ઊભો કર્યો હતો. સત્ય એ હતું કે પંડિતજી ગંગા નદી પ્રત્યે ભાવિક હિન્દુ જેટલાં જ આદર અને ભક્તિ ધરાવતા હતા. માત્ર એમના વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુને કારણે તેઓ આ ભક્તિભાવને બીજું નામ આપતા હતા.

પંડિતજીના વસિયતનામાંમાંથી હું નીચેનું અવતરણ આપું છુંઃ ''ભારતની જગજૂની સંસ્કૃતિ અને સભ્યતાની પ્રતીક બની રહેલી ગંગા હંમેશા નવતર રૂપ ધરતી રહી છે, અખંડ વહેતી રહી છે અને છતાંય એ એની એ જ ગંગા છે. તે મને અત્યંત પ્યારા હિમાલયનાં હિમાચ્છાદિત ઉન્નત શૃંગો અને તેની ઊંડી ખીણોની યાદ આપે છે, તેમજ જ્યાં મારા જીવન તથા કાર્યનું ઘડતર થયું છે તેવા ભારતના ગંગાખીણના સમૃદ્ધ અને વિશાળ પ્રદેશોની સ્મૃતિ તાજી રાખે છે.ગંગા હંમેશાં મારે મન વર્તમાનમાં વહેતા અને ભાવિના મહાસાગરમાં ભળી જતા ભારતના ભૂતકાળના પ્રતીક અને સ્મૃતિ સમી બની રહી છે.

આપણો જે ભવ્ય વારસો હતો તેને માટે હું ગૌરવ ધરાવું છું અને આપણા સર્વની જેમ હું પણ મારી જાતને ઇતિહાસના ઉષઃકાળ સુધી લંબાતી ભારતના અનાદિ ભૂતકાળની અખંડ સાંકળની એક કડીરૂપ સમજું છું.

હું એ સાંકળ છિન્નભિન્ન કરવા ઇચ્છતો નથી કારણ કે હું એને મૂલ્યવાન લેખું છું અને તેમાંથી પ્રેરણા મેળવું છું. મારી આ ઝંખનાના સાક્ષી તરીકે ભારતના સાંસ્કૃતિક વારસાને મારી અંતિમ અંજલિ તરીકે હું આ વિનંતી કરું છું કે મારા મૃતદેહના થોડા અવશેષો અલાહાબાદ પાસે વહેતા આ ગંગાના પ્રવાહમાં પધરાવજો- આ મહા નદી તેને ભારતના કિનારાઓને પખાળતા મહાસાગરમાં લઇ જશે.'' જો આને ધર્મભાવના ન કહેવાય તો પછી કોને કહેવાય? એમના અવશેષોને ગંગાના પવિત્ર જળમાં પધારવવામાં ત્યારે મેં અપૂર્વ સ્પંદન અનુભવ્યું હતું.

(**'કુલપતિના પત્રો'** માંથી સાભાર)

## અંધારા જેવું કૈં છે જ નહીં

દોસ્ત, અંધારા જેવું કૈં છે જ નહીં
પાંપણ બિડાય એવી ક્ષણનાં તું આપી દે
રૂપાળાં નામ- ચાલે જ નહીં      દોસ્ત....
આંખો મીંચાય પછી લાગે છે ડર
કે પછી ડરથી આ મીંચાતી આંખ?
આંખ ટેવાય પછી જે કૈં દેખાય
અને અંધારું કહેશું કે ઝાંખ?
ઝાંખુંપાંખુંય બધું એવું કળાય
જાણે દિવસ કે રાત કશું છે જ નહીં. દોસ્ત...
પોતીકા તેજનો છે ખાલી અભાવ
જેને દેખાતો હોય અંધકાર
નજરોમાં જેની હો નમણેરું નૂર
એના માટે તો હરપળ સવાર
ભીતર અજવાસ જેને ઊગે છે રોજ
એના માટે તો કંઈપણ નિસ્તેજ નહીં. દોસ્ત..

**નીરજ મહેતા**
(૧૦૨, આશિયાના, ૨, વૈશલીનગર, રાજકોટ)

## ગઝલ

એક ખૂણાને સજાવી બેઠો છું,
ખાલિપાને ઝળહળાવી બેઠો છું.
એટલે બેઠો છું હું નિશ્ચિંત થઈને,
કોઈને પણ ક્યાં હટાવી બેઠો છું.
જાતની આજે પરીક્ષા કરવી છે,
એટલે દીવા બુઝાવી બેઠો છું.
એમ ગમગીની સજાવી છે ચ્હેરે,
જાણે કે દિલ્હી ગુમાવી બેઠો છું.
તું જીવનનો અર્થ શોધે પોથીમાં,
હું બધાં થોથાં જલાવી બેઠો છું.
ઊઠવું ક્યારે બને ઈશ્વર જાણે,
આજ સૌ આસન ફગાવી બેઠો છું.
કૈંક સંબંધો મને નિભાવે છે,
કૈંકને હું યે નિભાવી બેઠો છું.
આ તરફ તાકી રહ્યા સૌ એ રીતે,
જાણે સિતારા સજાવી બેઠો છું.

**રાકેશ હાંસલિયા**
(સિલ્વર ગોલ્ડ રેસી.-૩, સૌમ્ય,
ગોલ રેસી. પાછળ, નાના મવા રોડ, રાજકોટ-૫)

## લખ્યું

તમે ભૂલમાં નામ મારું લખ્યું
પરંતુ પછી એકધારું લખ્યું
તરસ લઈ અને હાથ ફેલાવતા
હથેળી ઉપર પાણીયારું લખ્યું
કવિતા જ બસ ડાયરીમાં લખી.
નથી ક્યાંય એ નામ પ્યારું લખ્યું
તમે એક સરસ વાત કરી કાનમાં
નથી મેં હજી એવું સારું લખ્યું
ભીતરમાં લખાયેલ છે એ બધું
ભીતરમાં જ રાખ્યું, ન બારું લખ્યું

**ભરત વિંઝુડા**
(રામકૃપા ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા, જિ. અમરેલી,
મો:૯૮૨૬૪૫૬૯૩૪)

## ગઝલ

જીવ છે તો જિંદગીનું સ્વપ્ન હોવું જોઈએ,
એક ભીની લાગણીનું સ્વપ્ન હોવું જોઈએ.
આપણે ઉજ્જડ ધરાના આંગણે જન્મ્યાં ભલે,
લોહીમાં લીલોતરીનું સ્વપ્ન હોવું જોઈએ.
ઝાંખી-પાંકીમાં ફરક જેવું કશું હોતું નથી.
છે જરૂરી રોશનીનું સ્વપ્ન હોવું જોઈએ.
કાં મળસ્કે રેત લથબથ હોય છે ભીનાશથી
રણ કને ચોક્કસ નદીનું સ્વપ્ન હોવું જોઈએ.
કાંઠે ના પહોંચે છતાં જે ના ડૂબાડે-ના ડૂબે,
કોઈ એવી નાવડીનું સ્વપ્ન હોવું જોઈએ.
શૂળનાં સામ્રાજ્યમાં પણ શક્ય છે મહેકી જવું
શ્વાસમાં બસ તાજગીનું સ્વપ્ન હોવું જોઈએ.
સામે ચાલી ખુદ ખુદા મળવા પછી આવેય પણ
આંખમાં 'સાહિલ' ખુદીનું સ્વપ્ન હોવું જોઈએ.

**સાહિલ**
(નીસા-૩-૧૫, દયાનંદ નગર, રાજકોટ-૩૬૦૦૦૨
મો:૯૪૨૮૭૯૦૦૬૯)

॥ વ્યાખ્યાન ॥

# મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને વિજ્ઞાન

**અનામિક શાહ**

(સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના છઠ્ઠા વાર્ષિકોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગૂજરાત વિદ્યાપીઠના વાઇસ ચાન્સેલર અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ.અનામિક શાહે સરદાર પટેલ વ્યાખ્યાન આપ્યું હતું એના અંશે અહીં પ્રસ્તુત છે.)

ચારુતર વિદ્યામંડળ અને તેના નેતૃત્વ અન્વયે શરૂ થયેલા 'સૅરલિપ'ના આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ આપવા બદલ સીવીએમના અધ્યક્ષ શ્રી સી.એલ. પટેલ તેમજ 'સૅરલિપ'ના નિયામક શ્રી હરિ દેસાઈનો હું આભાર માનું છું. ૧લી જાન્યુઆરીએ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકેની જવાબદારી સ્વીકાર્યા પછી આ બે મહિનાથી પણ વિશેષ ગાળામાં ગૂજરાત વિદ્યાપીઠના અનેક વિભાગો, સાદરા તેમજ રાંધેજાનાં પરિસરો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો વગેરેમાં જઈ વિદ્યાપીઠની પ્રવૃત્તિના અવલોકનનો એક સુંદર અવસર મને પ્રાપ્ત થયો છે. ગાંધીવિચારના કૌટુંબિક વાતાવરણમાં રહીને જીવનનો મહત્ત્વનો કાળ એટલે કે ૬૦ વર્ષ રાજકોટ ખાતે જ રહ્યો. ઉચ્ચશિક્ષણની સંસ્થા એટલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૩૨ વર્ષ સુધી રસાયણ વિજ્ઞાનમાં અધ્યાપન અને સંશોધન કરાવતો રહ્યો અને સામાન્ય રીતે જેને કહેવાય તેવી ''સફળ શૈક્ષણિક કારકિર્દી''ની પ્રસન્નતા પણ કામ કરતાં કરતાં અનુભવી છે. પણ આજે જ્યારે 'ગાંધી, સરદાર અને વિજ્ઞાન' એ વિષય પર વ્યાખ્યાન આપવાનું કહેવાયું છે ત્યારે દેશની પ્રવર્તમાન સ્થિતિ અને તેનાં કારણો તેમજ ઉપાયો માટેની એક સહિયારા ચિંતનની ઘડી આવી છે અને તેના વિશે મારા વિચારો રજૂ કરવામાં હું સહજ સંકોચ અનુભવી રહ્યો છું.

ગાંધીજી વિશે અને તેમના વૈજ્ઞાનિક અભિગમ અંગેની ચર્ચા થાય ત્યારે ઘણીવાર ૨૦મી સદીનો પૂર્વાધ નહીં સમજતાં લોકો દ્વારા રાષ્ટ્રપિતાને ઘણો અન્યાય થવા પામ્યો છે, પણ જ્યારે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ગાંધીજીએ પ્રબોધેલા માર્ગ સામે જ્યારે એક એક તસુ આગળ વધતાં વધતાં તેમનાં પદ્ચિહ્નોને મૂલવતાં જઈએ તેમ તેમ આપણામાંના સૌને એક રહસ્યબોધ છતો થાય છે અને એ પણ ખ્યાલ આવે છે કે, 'હિંદ સ્વરાજ' અને 'સત્યના પ્રયોગો'થી શરૂ થયેલો ગાંધીજીની અંદરનો 'વૈજ્ઞાનિક' તેમના છેલ્લા શ્વાસ સુધી ટકી રહ્યો હતો.

આઝાદીની ચળવળ દરમિયાન ગાંધીજીએ ક્યાંક વૈજ્ઞાનિકની જેમ તો ક્યાંક મનોવૈજ્ઞાનિકની જેમ, તો ક્યાંક સમાજવિજ્ઞાની તરીકે અનેકવિધ દૃષ્ટિકોણ આપ્યો. સમગ્ર વિશ્વમાં અનેક રાજનીતિજ્ઞો, ફિલસૂફો, પ્રજાના પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત કરનારા નેતાઓ તેમજ ધર્મધૂરંધરો થઈ ગયા પરંતુ એક છેવાડાના માનવીના જીવનમાં સાચુ સુખ અને પ્રસન્નતા કેવી રીતે પ્રગટી શકે તેના માપદંડો એક અતિચોકસાઈભર્યા વૈજ્ઞાનિકની ક્ષમતાથી તેમણે સમાજને આપ્યા. મનુષ્યજીવનનો એક પણ એવો હિસ્સો ન હતો જેમાં ગાંધી નામના વૈજ્ઞાનિકે જાતપ્રયોગો ન કર્યા હોય. તેમના માર્ગદર્શન હેઠળ ભાષા અને સમાજશિક્ષણ, વ્યક્તિગત અને સમાજજીવન, આરોગ્ય, કૃષિ અને ઉદ્યોગ, પર્યાવરણ અને કેળવણી એવા અનેક વિષયો તેમણે તેમના સાથીદારો સાથે જ નહીં, દેશ અને દુનિયાના ઉત્તમ નિષ્ણાતો તેમજ તજ્જ્ઞો સાથે સહચિંતન કર્યું અને છેલ્લે તેમણે દરેક બાબતને કસોટીની એરણનું ચડાવીને માત્ર બે જ પ્રશ્નો પૂછ્યા :

(૧) આપણી દિશા એ સત્ય અને અહિંસાનાં મૂલ્યો પર આધારિત છે કે કેમ ?

(૨) જે દિશા પકડી છે તેનાથી છેવાડાની વ્યક્તિનાં આંસુ લૂછી શકાય તેમ છે કે કેમ ?

છેલ્લા બે ત્રણ દાયકાથી ઊભા થયેલા વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની નીતિને કારણે માત્ર આપણા દેશમાં જ નહીં પણ યુરોપ અને અમેરિકા સુધી સમગ્ર આર્થિક આયોજનને નવેસરથી વિચારવું પડે તેવી પરિસ્થિતિ પેદા થઈ છે. જેની દુહાઈ દેતાં વર્તમાન સમયમાં આપણે થાકતાં નથી, તેવી ચીન અને બીજા એશિયાના વિકસિત દેશોના નક્કર ગણાતા મૉડેલનાં મૂળિયાં પાયાથી હચમચવા લાગ્યાં છે. યુરોપના દેશોમાં આર્થિક કટોકટીઓ એક પછી એક દેશોમાં પ્રવેશીને અર્થશાસ્ત્રીઓને મૂંઝવી રહી છે અને રાજનેતાઓને પસીનો છૂટી રહ્યો છે. આવા સમયમાં 'સુખમાં સાંભરે સોની અને દુઃખમાં સાંભરે રામ' એ કહેવતને યાદ કરવી પડે તેમ છે.

મહાત્મા ગાંધીનો મૂળભૂત વૈજ્ઞાનિક અભિગમ એ હતો કે જ્યાં સુધી તમે 'વ્યક્તિ' નામના 'એકમ'માં વૈચારિક 'જીનેટિક્સ'નું પરિવર્તન તત્ત્વ નહીં ઉમેરો ત્યાં સુધી બધું જ મિથ્યા છે. તેમનો બીજો બીજમંત્ર એ હતો કે, આ વિશ્વમાં દરેક માણસની અન્ન, વસ્ત્ર, રહેઠાણની

જરૂરિયાત સંતોષાય તેટલા પ્રમાણમાં કુદરતી સંસાધનો છે, પણ એક માણસની લાલચ સંતોષી શકાય તેટલું ક્યારેય નથી ! ગાંધીપ્રેરિત આ શબ્દો મારે માટે બહુમૂલ્ય છે, કારણ કે આજના આપણા દેશની સમસ્યાનું મૂળ પણ એ છે અને વિશ્વમાં પ્રસરેલી હિંસાનું કારણ પણ. છેલ્લા બે દાયકામાં વિશ્વમાં અનેક સ્થળોએ જે યુદ્ધો થયાં તેની પાછળ આ 'લાલચ' જવાબદાર છે !

આઝાદી પછીના છ દાયકામાં છેક ૧૯૩૭માં ગાંધીજીએ સમજાવેલી બુનિયાદી તાલીમ અને નઈતાલીમની પરિભાષા અને તેનું અમલીકરણ આપણે સમગ્ર રાષ્ટ્રમાં એક સમાન રીતે કરી ન શક્યા અને તેનું આજે પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. એક બાજુ ૧૦ કરોડ જેટલાં વિદ્યાર્થીઓ શાળાશિક્ષણમાંથી drop out કે push out થાય છે, અને બીજી બાજુ પ્રૌઢશિક્ષણના કાર્યક્રમોનો અંત આવતો નથી. જે શિક્ષણસંસ્થાઓ, ઉચ્ચશિક્ષણની કૉલેજો અને યુનિવર્સિટીઓ સ્થાપી તેના આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સના ૯૦ ટકા સ્નાતકો જ્યારે ખરેખરી કામગીરીમાં જોતરાય છે ત્યારે તેને માટે તેમની સજ્જતા કે નિપુણતા હોતી નથી. ૭૫ ટકા ઈજનેરી સ્નાતકોમાં પણ તેમની પાસે અપેક્ષિત કૌશલ્ય હોતું નથી. આપણી નીતિના ઘડવૈયાઓએ ગાંધીજી પ્રેરિત વૈજ્ઞાનિક સમજ સાથે કેળવેલો નઈતાલીમનો કાર્યક્રમ સમગ્ર દેશમાં આઝાદી પછી સાર્વત્રિક રીતે લાગુ ન કર્યો. એના પરિણામે આજે યુનિવર્સિટી અનુદાન પંચ (UGC), AICTE, NCTE, NCERT જેવી આપણી શિક્ષણ અને ટેક્નિકલ શિક્ષણની સંસ્થાઓએ પ્રતિ બે-પાંચ વર્ષે પોતાના તજ્જ્ઞોની ટીમો અને કમિશનો (પંચો) રચીને હજારો પાનાંનાં રિપોર્ટ મેળવ્યા પછી એ જ કહેવું પડે છે કે આપણી શાળા તેમજ યુનિવર્સિટીઓનું શિક્ષણ દેશની સાચી જરૂરિયાતો પૂરી કરવામાં નિષ્ફળ ગયું છે. ITI, પોલિટેકનિકો અને હવે સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરો દ્વારા ચીંથરેહાલ થયેલી પરિસ્થિતિમાં 'થાગડથીગડ' કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આપણે એ સ્વીકારવું રહ્યું કે 'બુનિયાદી તાલીમ અને નઈતાલીમ'નાં ગાંધીપ્રેરિત આયોજનો વધુ નક્કર, વધુ વૈજ્ઞાનિક અને વધુ વાસ્તવિકતાની ધરતી પર સ્થિર થઈને દેશનો વિકાસ અને સુગ્રથિત પથનું નિર્માણ કરનારા હતા.

આપણે ભૂલી ગયા કે ગાંધી નામના વૈજ્ઞાનિકે કહ્યું હતું કે બાળકને માટે શિક્ષણનું માધ્યમ એ હુન્નર છે, હાથપગ અને આંગળાનાં ટેરવાંથી થતું કે શીખવાતું કામ એ જ માધ્યમ છે. અને તેથી જ યંત્રવાદના વિરોધી તરીકેની શાબ્દિક ગાળો ખાવા છતાં ગાંધીજીએ મિનિયંત્ર રેંટિયાને પકડી રાખ્યો હતો. વળી ગાંધીજીએ કહ્યું કે માતૃભાષા એ સંપર્કનું માધ્યમ છે, સૂચનાનું નહીં. Mother tongue is a medium of communication, not of instruction.

તાજેતરમાં જ સાંચી બોધગયામાં જાણીતા ચિંતક પ્રો. સામધોંગે કહ્યું હતું કે દેશમાં માતાપિતાએ તેમજ શિક્ષકોએ સમજવાની જરૂર છે કે આજની આર્થિક પરિસ્થિતિમાં કુટુંબ માટે આર્થિક ઉપાર્જન કરનારી પ્રવૃત્તિ પણ સારા ગુણ લાવવા જેટલું જ મહત્ત્વ ધરાવે છે. તેની અવગણના નહીં થઈ શકે.

ગાંધીજીની બીજી મહત્ત્વની વાત ગ્રામસ્વરાજની હતી. આપણે ઘણીવાર એક ગામડાને ગ્રામીણ અર્થવ્યવસ્થાનું એકમ સમજીને ગાંધીપ્રેરિત ગ્રામસ્વરાજનો સાવ છેદ ઉડાડી દઈએ છીએ. ગાંધીપ્રેરિત 'ગ્રામસ્વરાજ' એ એટલા અને એવા ગામડાનો વર્તુળાકારે સતત ચાલતો વિસ્તાર અને તેને સંબંધિત આર્થિક પ્રવૃત્તિ કે જે નજીક નજીકનાં ગામડામાંથી જ પોતાની અન્ન-વસ્ત્ર-રહેઠાણની અને અન્ય પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી શકે. આ ગ્રામસ્વરાજની કલ્પના એટલે શાકભાજી, ખેતી, સેન્દ્રિય ખાતર, પશુપાલન, સ્વચ્છતા, રહેઠાણ, પ્રાથમિક શિક્ષણ, બુનિયાદી તાલીમ, દૂધ-દહીંની જરૂરિયાતો, ઊર્જાનાં સંસાધનો, વસ્ત્ર સ્વાવલંબન, ગ્રામોદ્યોગ એ બધાનો સમાવેશ થાય છે. ખેતી, પશુપાલન,ગ્રામોદ્યોગ એનો એક પાયો હોય. શહેરમાં જે સર્વસામાન્ય સુવિધાઓ હોય તે આ ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી શકે તો શા માટે લોકો શહેરીકરણ તરફ દોટ મૂકે ? યુરોપથી માંડીને ચીન સુધી અનેક દેશોમાં આવા સફળ ગ્રામીણ એકમો આજે પણ અસ્તિત્વમાં છે. ટ્રાન્સપોર્ટેશન, વાહનવ્યહારને કારણે ઊર્જાનો ઉપયોગ વધ્યો છે, શહેરીકરણને કારણે પર્યાવરણના પ્રશ્નો વધ્યા છે, અને બીજી સામાજિક સમસ્યાઓ તો ઊભી જ છે. તો ગાંધીજીએ પર્યાવરણના ભાવિ પ્રશ્નોને સમજીને શહેરીકરણની દોટથી દૂર રાખવા માટે એક સૈકાથી પણ વધુ સમય પૂર્વે 'આર્ષદૃષ્ટા' તરીકે જે માર્ગ દર્શાવ્યો હતો તે વૈજ્ઞાનિક અભિગમ કહેવાય કે નહીં ?

બુનિયાદી અને નઈતાલીમનું શિક્ષણ લેનારામાં સમૂહજીવન, શ્રમ અને સામાજિક સેવાના સંસ્કારો બાળપણથી દૃઢ થાય છે, તે સંસ્કારના અભિગમનો આપણી

મોડર્ન તેમજ આધુનિક કેળવણીમાંથી પસાર થનાર સ્નાતક કે અનુસ્નાતકમાં આપણે દઢીભૂત કરી શક્યા છીએ ? ગરીબો પ્રત્યે અનુકંપા રાખવાના, આપણાથી ઓછું પામનારા લોકો પ્રત્યે, દેશવાસીઓ પ્રત્યેની આપણી ફરજ સમજવામાં આપણું ''ઉચ્ચ શિક્ષણ'' ક્યાં ગોથું ખાઈ ગયું છે તેનો જવાબ ''નઈતાલીમ''ના કાર્યક્રમોમાં છે. એ સંજોગોમાં ગાંધીની શિક્ષણની વિભાવનાને વૈજ્ઞાનિક કહી શકાય કે નહીં ? આપણે ભેદ પાડ્યા નર્યા શ્રમજીવી અને નર્યા બુદ્ધિજીવી. બુદ્ધિજીવીએ 'શ્રમ' નહીં કરવાનો, પસીનાનો 'તિરસ્કાર' કરવાનો. આપણે ૧૯૪૮માં 'વ્હાઈટ કોલર'ની બુનિયાદ પર 'ઘણના ઘા ન માર્યા, તેનાં દુષ્પરિણામો આજે શિક્ષણક્ષેત્રે, સમાજકારણ અને ઉદ્યોગીકરણમાં પણ ભોગવી રહ્યા છીએ. સૌથી વધુ યુવાનો ભારત દેશમાં હોવા છતાં સૌથી મોટી બેરોજગારોની ફોજ પણ આપણે ત્યાં છે. નઈતાલીમના વૈજ્ઞાનિક અભિગમને ન સમજવાની સજા !

સરદાર વલ્લભભાઈ પટેલની વાત આવે અને વિજ્ઞાન સાથે તેમના અનુબંધની ચર્ચા થાય ત્યારે અનેક પ્રસંગો યાદ આવે. સાબરમતી આશ્રમથી માંડીને જુદી જુદી જેલોમાં મહાત્મા ગાંધીના અનેક પ્રયોગોને રસપૂર્વક નિહાળીને, ક્યારેક ક્યારેક તેમના પ્રયોગો વિશે મજાક કરીને, સહુને ખડખડાટ હસાવનારા સરદાર યાદ આવે. પરંતુ આ વ્યાખ્યાન નિમિત્તે સરદારના જીવન અને વિવિધ પ્રસંગે સરદાર સાહેબે આપેલાં ભાષણો ફરીથી જોઈ જવાનો એક અપૂર્વ અવસર પ્રાપ્ત થયો.

ઘણીવાર એવું પણ લાગે કે જેમ પંડિત જવાહરલાલજીએ દેશની એકતા અને અખંડિતતા તેમજ રાજ્યોના એકીકરણનું મહાભગીરથ કાર્ય સરદાર સાહેબને સુવાંગ સોંપી દીધું હતું તેવું જ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના સંદર્ભમાં આ હવાલો સરદારસાહેબે જવાહરલાલજીની બુદ્ધિપ્રતિભા તેમજ તેમના યુરોપ-રશિયા અને અમેરિકાના અનુભવો પર છોડી દીધો હતો. તેમજ દેશની ઉચ્ચ વૈજ્ઞાનિક પ્રતિભાઓને પણ સીધી જવાબદારી સોંપીને પોતે મોટેભાગે મુક્ત રહ્યા હતા. પણ બે-ત્રણ બાબતો પરત્વે મારે ખાસ ધ્યાન ખેંચવાનું છે અને તે બંને બાબતો સમગ્ર દેશ માટે બહુમૂલ્ય બની રહી છે, જે સરદાર સાહેબની વૈજ્ઞાનિક ઢબે વિચારવાની પદ્ધતિનો છે. બારડોલી સત્યાગ્રહ અને એ પછી દેશભરમાં કૃષિઅર્થકારણ પરત્વે સરદાર સાહેબ પોતાના આગવા વિચારો ધરાવતા હતા. તેમણે ગાંધીજીના નઈતાલીમના પ્રયોગો, ગૂજરાત વિદ્યાપીઠ, વર્ધા વગેરે ઝીણવટથી નિહાળ્યા પણ હતા. દેશના કૃષિકારોની અવદશા પણ તેમણે નિહાળી હતી. આ બધાના નિચોડરૂપ સરદાર સાહેબે જે વિચાર્યું તેના પરિપાકરૂપે ઉદ્ભવ થયો વિશ્વના સર્વશ્રેષ્ઠ એવા સહકારી ધોરણે અમૂલ ડેરીના પ્રયોગનો. સહકારી ક્ષેત્રે આ કામગીરી કરવાથી ગાંધીજીની નઈતાલીમ, વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા, ગ્રામ આધારિત અર્થઉપાર્જન અને એવા અનેક સિદ્ધાંતોનું અવતરણ સંભવિત થયું અને સમગ્ર દેશ-દુનિયાએ તેની સાચી તાકાત ઓળખી. એવું જ બીજું સરદાર સાહેબનું નઝરાણું હતું - આણંદમાં કૃષિ યુનિવર્સિટી તેમજ શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટે ચારુતર વિદ્યામંડળ અને યુનિવર્સિટીની સ્થાપના.

આર્થિક સમૃદ્ધિ કે સામાજિક સુધારાઓ વિનાની રાજકીય આઝાદીથી ધાર્યાં પરિણામો નહીં આવે તે સમજવામાં તેમની દૂરંદેશી હતી. તેથી તેમણે એવી વ્યૂહનીતિ અપનાવી કે જે સ્વશાસન, એકીકરણ તેમજ આધુનિકતાના ત્રિભેટે આવીને અચાનક સફાળા જાગેલા રાષ્ટ્રને અને પ્રજાને તેના પ્રત્યાઘાતોમાંથી ઉગારે. તેમણે ત્રણ મુદ્દાની વ્યૂહનીતિ અપનાવી.

(અ) ૧. ગ્રામીણ વાતાવરણને અનુરૂપ હોય તેવી ટેક્નોલૉજી લાવવી.

૨. સંબંધિત કૌશલ્ય સંવર્ધન માટે કૃષિ સંશોધન સંસ્થાન સ્થાપવું.

૩. યોગ્ય કાચામાલના ઉપભોગ માટેનું સંશોધન કરાવવું.

૪. અને આ સંશોધનના ફળસ્વરૂપે મળેલ એપ્રોપ્રિયેટ ટેક્નોલૉજી ગ્રામીણ સમાજ સુધી પહોંચાડવી.

(બ) ગ્રામીણ વિસ્તારમાં જ યુનિવર્સિટી સ્થાપીને ગ્રામીણ શ્રમજીવીઓને પોષક શિક્ષણ પૂરું પાડવું.

(ક) ઉત્પાદકોની સહકારી માર્કેટિંગની વ્યવસ્થા ઊભી કરવી, જેનાથી ગ્રામિણ માથાદીઠ આવકમાં પણ નોંધપાત્ર વધારો થાય તેમજ સ્થાનિક ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળે.

આ એક એવું 'મૉડેલ' ઊભું થયું કે જેને સમગ્ર દેશના કોઈ પણ ગ્રામીણ પર્યાવરણમાં મજબૂતી સાથે સ્થાપી અને ચલાવી શકાય અને દેશના વિભિન્ન ભાગોમાં તેનું સુપેરે અનુકરણ કરી

શકાય.

બીજી બાજુ, મોતીભાઈ અમીને ડેક્કન એજ્યુકેશન સોસાયટીને આદર્શ માનીને છેક ૧૯૧૬માં સ્થાપેલી ચરોતર એજ્યુકેશન સોસાયટી. જે સ્વૈચ્છિક સામાજિક સેવા અને જાહેર પ્રજાની સહભાગીદારી એ બે સ્તંભ ઉપર નિર્માણ થયેલી. અને જેના દ્વારા અનેક શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ પરંતુ આણંદથી અઢી કિ.મી. દૂર ત્યારની 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રિકલ્ચર' સરદાર પટેલે મનસુખભાઈ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ૧૦ લાખના ખર્ચે સ્થાપી, ત્યારથી આજ સુધીનો ઈતિહાસ મારા જેવા કરતાં પણ અહીં રહીને વટવૃક્ષ જેમ અનેક સંસ્થાઓને સ્થાપી જતન કર્યું તે બધાં સુપેરે જાણે છે. સરદાર સાહેબની આ દૂરંદેશી કહો કે વૈજ્ઞાનિક અભિગમ કે ગાંધીવિચારના અમલીકરણની ગુરુચાવી પણ, આજે એ બંને સંસ્થાઓ અડીખમ ઊભી છે. કમનસીબે સ્વરાજ્ય પછી સરદાર સાહેબ દેશના અનેકવિધ પ્રશ્નોમાં એટલા ડૂબી રહ્યા કે, ખેડામાં તેમણે કરેલા આ ક્રાંતિકારી પ્રયોગો કે કૃષિ-કેળવણી અને ગ્રામાભિમુખ અર્થવ્યવસ્થાનો સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ એટલે સુધી જ મર્યાદિત રહ્યો. સરદાર સાહેબને તેના અંગે વ્યાપક રાષ્ટ્રીય કક્ષાએ પ્રસાર કરવાનો અવસર ક્યારેય પ્રાપ્ત ન થયો.

સરદાર વલ્લભભાઈની ભારતીય ગ્રામીણ સમાજ ઉપર જબરદસ્ત પકડ હતી. તેઓ તેમની ખામીઓ પણ બરાબર સમજતા હતા. તેમણે એ પણ જોયું હતું કે અનેક રાજકીય અને સામાજિક આક્રમણો અને સદીઓની ગુલામી છતાં પણ દેશી રાજ્યોના એકીકરણ કરતાં પણ વધુ એકતા તો ભારતના કિસાન-મજૂર વર્ગની હતી. તેથી જ તો સમાજવાદીઓના વધુ વૈજ્ઞાનિક લાગતા અભિગમ કરતાં વલ્લભભાઈની વિકાસનો દિશા અને વિચાર ધરતી સાથે મજબૂત રીતે પકડાયેલો હતો તેવું ખુદ જયપ્રકાશજીએ સરદાર પટેલ પરના પુર્નમૂલ્યાંકનના લેખમાં એકરારનામું કર્યું હતું. સામ્યવાદ કે સમાજવાદ માટે સરદારને બહુ રસ નહોતો. તેમને ભારતની ગ્રામીણ સમાજ વ્યવસ્થામાં Evolutionary ફેરફાર લાવે તેવા કાર્યક્રમો અપેક્ષિત હતા. ગાંધીજીના આત્મનિર્ભર ગ્રામસ્વરાજની કલ્પના પૂરેપૂરી તેમને જચતી ન હતી તો બીજી બાજુ આંધળું ઉદ્યોગીકરણ પણ દેશના આર્થિક પ્રશ્નો ઉકેલવામાં યોગ્ય લાગ્યું નહોતું. તેનાં ભયસ્થાનો તેમણે વહેલાં ઓળખી લીધાં હતાં. તેમને ડર હતો કે મારો અબૂધ કિસાન ક્યાંક ઔદ્યોગીકરણની આંજી નાખતી દોટમાં હડફેટે આવી જશે ! વલ્લભભાઈનો આ અભિગમ એક નક્કર ભૌતિકશાસ્ત્રી જેવો જ હતો !

વૈજ્ઞાનિક અને ફિલોસોફર એ બંનેના સત્યની ખોજનો ઉત્સાહ એક સરખો હોય છે તેવો ઉલ્લેખ કરતાં સરદાર સાહેબ ૨૧ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ નેશનલ ફિઝિકલ લેબોરેટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલેલા એ શબ્દો આજે પણ અવિસ્મરણીય છે. તેમણે કહ્યું હતું કે વિજ્ઞાની એ કલ્પનાશીલ-સ્વપ્નશીલ છે અને ચિંતક પણ. તેના વાતાવરણમાં આવવું મારે માટે લહાવો છે. પ્રાયોગિક વિજ્ઞાનની અવિરત ખોજમાં વૈજ્ઞાનિકે હંમેશા 'અધ્યાત્મ તેમજ ધર્મ'ની સાથે સંઘર્ષમાં આવવું પડે છે અને તેઓ વૈજ્ઞાનિકને આધ્યાત્મિકતાના વિનાશ માટે જવાબદાર ઠેરવે છે. સરદાર સાહેબ જૈવિકવિજ્ઞાનના સંદર્ભે કટાક્ષમાં કહે છે કે આદમે પોતાની પાંસળીમાંથી ઈવનું સર્જન કરીને જે સૌથી પ્રથમ શસ્ત્રક્રિયા કરી તેણે તેને ભારે ખર્ચાળ અને મુશ્કેલ વારસો આપ્યો છે !!

તેમણે વૈજ્ઞાનિકોને ચેતવણી આપતાં કહ્યું હતું કે, ચોકસાઈ અને સંપૂર્ણતા માટેની આપણી અનિવાર્યતા એ utilitarianના અનુભવસિદ્ધ વલણ અને fundamentalistની emotional zealનું મિશ્રણ છે. ઉદ્યોગોમાં જો નવી વૈજ્ઞાનિક તકનિકી સહાય ન મળે તો આજના ઉદ્યોગની ઉત્પાદકતા બહુ જ ટૂંકા સમયમાં જૂની બિનકારગર ટેવોનાં રણોની રેતમાં ગરકાવ થઈ જાય !

તેમના જન્મદિવસની પૂર્વે બરાબર એક દિવસ અગાઉ ૩૦ ઑક્ટોબર ૧૯૫૦માં 'અટીરા'ની સ્થાપના સમયે તેમણે કહેલું યાદ રાખવા જેવું છે : પંડિત જવાહરલાલના નેતૃત્વ નીચે પ્રખર વૈજ્ઞાનિક શાંતિ સ્વરૂપ ભટનાગર તેમજ ડૉ. કૃષ્ણન વગેરે એક પછી એક દેશના વિભિન્ન ભાગોમાં CSIRની પ્રયોગશાળાઓની સ્થાપના કર્યે જતા હતા તે તેમના ધ્યાન બહાર નહોતું. આ પ્રયાસોને બિરદાવતાં તેમણે ઝડપ (speed) અને અસરકારકતા (efficiency)એ બંનેનો ઉલ્લેખ કરીને શાંતિસ્વરૂપ ભટનાગરને તેઓ ઈલેક્ટ્રિસિટીની જેમ (વિદ્યુતવેગે) કામ કરે છે અને આપણાં વિજ્ઞાનનાં કામોમાં 'ભટનાગર સ્પીડ'ની જરૂર છે તેમ પણ જણાવેલું. સરદાર સાહેબે એક અન્ય પ્રસંગે 'ટ્યુબર ક્યુલોસીસ રિસર્ચ સેન્ટર'ના ઉદ્‌ઘાટન પ્રસંગે કહ્યું કે, ભારતમાં પ્રવર્તમાન એવા સંક્રામક રોગોના સ્વરૂપ અંગે અને તેના પ્રસારણ માટે કારણભૂત તત્ત્વો અંગે ઊંડું સંશોધન પણ તેને અટકાવવા માટેના સફળ પ્રતિકાર કાર્યક્રમના આયોજન જેટલું જ જરૂરી ગણાવું જોઈએ.

આમ, સરદાર સાહેબ પોતાના વૈજ્ઞાનિક અભિગમ દ્વારા રાજકીય તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને વહેવારુ સ્વરૂપમાં લાગુ પાડી દેશના એકતાના શિલ્પી બન્યા. તેમને કદાચ જો વધુ સમય મળ્યો હોત તો તેમણે ખેડા જિલ્લામાં શિક્ષણ, સહકારી અને ગ્રામકેન્દ્રિત યુનિવર્સિટીના પ્રયોગો અંગે વધુ માર્ગદર્શન પૂરું પાડીને ગાંધીજીની ગ્રામસ્વરાજની કલ્પનાને મૂર્તિમંત કરવા જુદું જ મૉડેલ આપ્યું હોત.

**ઉપસંહાર :**

ગાંધી-સરદાર અને વિજ્ઞાન વિશેની કેટલીક વાતોની આપણે અહીં છણાવટ કરી. ઉચ્ચશિક્ષણ વિશે જે ૬૫ વર્ષ પછી પણ કુલપતિઓથી માંડીને સમાજકારણ તેમજ ઉદ્યોગપતિઓથી માંડીને અર્થકારણના અગ્રેસરો જેના પર વિચારી રહ્યા છે તે યક્ષપ્રશ્ન હજુ પણ અનુત્તર જ રહ્યો છે પણ એટલું જરૂર કહી શકાય કે, ગાંધીચીંધ્યા માર્ગે વિકસતા વિજ્ઞાનની ક્ષિતિજોમાં જે પાયાના સિદ્ધાંતો તેમણે પ્રતિપાદિત કર્યા તે નવા સ્વરૂપે અનેક જગ્યાએ પાંગરી રહ્યા છે. જાપાન અને કોરિયા જેવાં રાષ્ટ્રોએ પોતાની માતૃભાષામાં ટેકનિકલ પુસ્તકો-સંદર્ભગ્રંથો એટલી વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શક્યાં કે અનેકક્ષેત્રોમાં તે આજે ટચુકડું રાષ્ટ્ર હોવા છતાં તેની ઉપલબ્ધિ અનેરી રહી છે. નાની અને માનવીય ટેકનોલૉજી દ્વારા માણસના હાથને વધુ ઉપયોગી બનાવે તેવાં અનેક સંવર્ધિત ઓજારોનું મૂલ્ય આજે હાથકુશળ કારીગરોના હાથમાં વધ્યું છે. થ્રીડી પ્રિન્ટર જેવી માત્ર બે થી ત્રણ લાખમાં મળતી અને આવનારા દિવસોમાં બાળકોથી માંડીને ટેક્નોક્રેટ, ડિઝાઈનરો માટે હાથવગી થનારી innovation આધારિત વસ્તુઓ માનવજાતની વહારે આવવાની છે.

અનેક ચીજવસ્તુઓનાં મોડેલથી માંડીને વપરાશ સુધીની પ્રતિકૃતિ બનાવવી નાના નાના ગામમાં, શાળાઓમાં, મહાશાળામાં પણ તે સુલભ બનવાની છે.અને તેના દ્વારા સામાન્ય માનવીથી માંડીને મજૂર બાળકથી માંડીને વૃદ્ધ સુધીની અનેકવિધ જરૂરિયાતોના નવા આવિષ્કાર થવા સંભવ બનવાના છે. માનવીય તેમજ એપ્રોપ્રિએટ ટેક્નોલૉજીના બંધારણમાં બેસે તેવી આ પ્રકારની અનેક શોધો પણ આવી રહી છે. આપણે એ શોધોને વધાવવા તત્પર રહેવાનું થશે.

હજુ થોડા સમય પૂર્વે જ મહાત્મા ગાંધી વિશે સમકાલીન સમય માટેનું બહુ જ દળદાર પુસ્તક તૈયાર થયું છે. ગાંધીજી એકવીસમી સદીમાં જીવતા હોત તો રેંટિયાના ચક્રને સ્થાને 'ઈન્ટરનેટ'ને તેમણે પ્રતીક તરીકે પ્રયોજ્યું હોત તેવું સુધીન્દ્ર કુલકર્ણીએ તેમના MUSIC OF SPINNING WHEEL ગ્રંથમાં લખ્યું છે. નઈતાલીમ તેમજ બુનિયાદી શિક્ષણ, હિંદ સ્વરાજથી માંડીને ગ્રામસ્વરાજ સુધીની વિભાવનાનો નવેસરથી અર્થઘટન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, એ આવકારપાત્ર છે. ગાંધીવિચાર એ પ્રયોગાત્મક સ્વરૂપ ધારણ ન કરે ત્યાં સુધી તે 'નકામો' છે એવું ખુદ મહાત્મા ગાંધીજીએ અનેક જગ્યાએ સ્પષ્ટ કર્યું છે.

૨૧મી સદી ને આપણે Century of Knowledge તરીકે ગણાવી છે. પણ વૈશ્વિક વાવાઝોડાની તોફાની આબોહવા અનેક પ્રજા અને સંસ્કૃતિને તેના મૂળમાંથી ઉખેડી રહી છે તે સંજોગોમાં ગાંધી, સરદાર અને વિજ્ઞાન એ વિષયનું સહચિંતન આપણને સહુને આવનારા દિવસોમાં સ્પષ્ટ દિશાસૂચન કરતો રસ્તો બતાવે એ જ અભ્યર્થના.

જાણીતા કૃષિવિજ્ઞાની અને ચિંતક એવા શ્રીમુનિભાઈ મહેતાએ પોતાની આગવી ઢબે વિજ્ઞાન અને ટેકનોલૉજી આવતા દિવસોમાં જે ક્ષેત્રોમાં કામ કરનાર છે તેમાં બીજી હરિયાળી ક્રાંતિ, દરિયાના પાણીથી ખેતી, માનવજીવનના જીનોમનું મેપીંગ થયા પછી વ્યક્તિગત દવાના ઉપચારો, ઈન્ફોર્મેશન ટેકનોલૉજીની હરણફાળથી ટેકનોલૉજી જાણતા અને ન જાણતા કે પાછળ રહેનારા વિશ્વના દેશો અને પ્રજાના પ્રશ્નો, માનવમગજ અને કૉમ્પ્યૂટરનાં સંયોજિત કાર્યો, પર્યાવરણને અનુકૂળ ટેકનોલૉજીનું સફળ વ્યાપારીકરણ એ મુખ્ય ધારા રહેવાની છે. આ બધાની સાથે ગાંધી-સરદારે પ્રયોજેલા લોકવિજ્ઞાનની બાબતોને આપણે સાંકળવી જ રહી.


ફરી એકવાર આ નિમિત્તે મને બોલાવવા માટે અને મારા વિચારને પ્રસ્તુત કરવા તક આપવા માટે ચરોતર વિદ્યામંડળના સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઑફ સરદાર વલ્લભભાઈ પટેલ (સૅરલિપ)ના નિયામક તેમજ સીવીએમનો ખૂબ આભારી છું.

(કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૪,
ફોન: ૦૭૯-૪૦૦૧૬૨૦૩)

## Transition Metal Dichalcogenides by NbSxSe2-x (0 = x = 2)

**Mehul Dave**

In recent years there has been a considerable interest in the study of the high pressure behaviour of solids because of academic, technological and geophysical reasons. The academic interest owes its origin to the fact that at high pressure the nature of the interatomic forces in matter change considerably. These changes in solids can be studied in greater detail to reveal several new features of the interatomic forces, which are responsible for their diverse physical properties. The properties of materials having a lamellar structure have been studied for last few years. Some elements like oxides, hydroxides, halides, chalcogenides and other various complex systems exhibit the lamellar structure. Many of these materials are found in nature and remaining can be synthesized in the laboratory. Layered (lamellar) structure solids of transition metal dichalcogenides have been extensively studied. Among these the binary compounds with Nb as cation and S / Se as anion form a very interesting class of lamellar semiconductors. Transition metal dichalcogenides exhibit fascinating properties due to their van der Waals bonded layered structure, including charge density wave instabilities. Layered transition metal dichalcogenides (TMDC) of the type MX2 (M= metal atoms and X = chalcogen atoms) exhibits interesting physical and structural properties as have been reviewed by some leading scientists. TMDC have various characters of metal, semiconductor and magnetic substances and have been widely studied. The transition metal dichalcogenides, NbS2 and NbSe2, are layered compounds consisting of sandwiches with strong covalent/ionic interlayer bonds and weak van der Waals interalayer interactions.




(b)

Figure (a) Layered crystal structure of NbSe2 ( Se atoms; Nb atoms) and (b) Structure of the transition metal dichalcogenides 2H–NbS2

Niobium dichalcogenides 2H- NbX2 (X = S, Se) take a layered structure, which consists of a sequence of X-M-X (M = Nb, X = S or Se) have been important materials as mother crystals for doped compounds. The end numbers of series NbSxSe2-x (0 = x = 2) become superconductor at low temperature. The superconducting parameters of the pure and doped crystals have been extensively studied. The discovery of superconductivity led to an upsurge of interest in the properties of the layered transition metal dichalcogenides. Layered transition metal dichalcogenides have attracted much interest due to their various kinds of charge-density wave (CDW) transitions. A layered transition-metal dichalcogenides 2H- NbSe2 is a highly two dimensional anisotropic superconductor, which coexists with the charge density wave (CDW) state. NbS2, due to its ability to reversibly intercalate alkaline ions at room temperature, seems interesting from the viewpoint of electrochemical applications.




Figure (c) Structure of $NbS_2$

NbS2 exhibits significant nonstoichiometry, which affects the properties of this system. The negative dynamic creep rate, i.e. increasing irreversibility in the magnetic hysteresis loop for decreasing sweep rate of the magnetic field, in a 2H- NbSe2 single crystal. The result of magnetization measurements made on a NbSe2 single crystal for magnetic-field orient ations both along and perpendicular to caxis of the crystal. Recently, both theoretical and experimental interest has been turning to the behaviour of the vortex lattice in type–II semiconductors moving under the action of Lorentz forces from an applied current. NbSe2 is particularly well suited for a μSR study of the vortex state since the geometry of the vortex lattice is well established. Several researchers have synthesized and characterized nanotubes and nanowires of metal dichalcogenides and other inorganic materials in the last three to four years. The formation of a nanotube is generally limited to few layered compounds. It is reported that an NbSe2 nanotubes can be prepared by the use of intense electron irradiation. NbSe2 nanostructure was investigated for superconductivity IV. The size effect on the flux pinning under an arbitrarily oriented magnetic field in the mixed crystals of 2H-NbSxSe2-x has been investigated by the earlier researchers. Looking to the importance of these compounds (NbS2 & NbSe2) it is desired to have another group of compounds in the form of a series NbSxSe2-x, having NbS2 and NbSe2 as end member, which may exhibit interesting properties.

(Department of Physical Sciences , N.V.Patel College of Pure and Applied Sciences (NVPAS), Vallabh-Vidyanagar 9898567228)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

## વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

॥ દસ્તાવેજ ॥

## ગાંધીજી ગયા પછી તુરંતનું ભારત

**મનુબહેન ગાંધી**

બિરલા હાઉસ, નવી દિલ્હી

૩૧-૧-'૪૮, શનિવાર

શનિવારનું તા. ૩૧મી જાન્યુઆરીનું પરોઢ ઊગ્યું. કયાંય ઉષાકાળનો ઉત્સવ ન હતો. સૂર્યદેવ પણ માનવહૃદયના આ કરુણ કલ્પાંત જોયું ન જતું હોય એમ વાદળમાં છુપાયા કરતા હતા. બાપુની વિદાયને બાર બાર કલાક વીતીયે ગયા શું? તેમણે કહેલું કે, ''હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ!'' એ ચંદ ઘંટામાં જ આમ સમેટી લીધું? અરે આખા યજ્ઞની હું સાક્ષી, આ ચંદરોજની હું સાક્ષી. ''મારે અશાંતિમાંથી શાંતિમાં જવું છે'' તે શબ્દોનીયે હું સાક્ષી! ''કોઈ ગોળીથી મારે તો જ કહેજે કે આ સાચો મહાત્મા. પણ રોગથી મરું ''અરે! નાનકડી ફોડકીથીય મરું તો કહેજે કે આ દંભી મહાત્મા હતો.'' એનીય મને સાક્ષી બનાવીને? હું તો એક ઈંચ પણ તેમનાથી દૂર નહીં. મારા જ તરફથી રિવોલ્વર સાથે ગોડસે આવ્યો, અને એ પિસ્તોલની ગોળીય મારી સમક્ષ જ છૂટી! કેવી હું? અને જગતના આ બંને મહાત્માઓ પૂ. મોટીબા (કસ્તૂરબા) અને પૂ. બાપુની અંતિમ યાત્રાની વિધિસરની પણ હું જ સાક્ષી! અને આજે તે રીતે દુનિયામાં જીવું છું તે પ્રભુની કેવી અકળ લીલા!

આજની આ અંતિમ યાત્રામાં ભાગ લેવા લાખો માનવીઓ વહેલી સવારથી જ દિલ્હી અને બિરલા હાઉસ આવી પહોંચ્યા હતા. દેશભરમાં શોકદિન પાળવાનો હતો. આખા શહેરમાં તમામ સ્થળોએ અર્ધી કાઠીએ રાષ્ટ્રધ્વજ ફરકતો હતો. આલ્બુકર્ક રોડ જાહેર જનતા માટે તો બંધ કરવો પડ્યો હતો. લશ્કરનો સખત પહેરો હતો. લશ્કરી દળો વાપરતાં તે શસ્ત્રવાહિની (Weapons carrier) બાપુના દેહને પધરાવવા માટે શણગારાઈ. આ ખૂબ ઊંચું વાહન હતું જેથી જનતા જોઈ શકે. આ વાહનને ભગવા વસ્ત્રનું આચ્છાદન હતું. તેમાં બાપુજીએ બિરલા હાઉસમાં છેવટ સુધી જે પાટ વાપરેલી તે પાટ મૂકવામાં આવી અને તેના પર એક નીચી ખાટલી જેના ઉપર બાપુનો દેહ રખાયો હતો તે જ ઊંચકીને મૂકવાની યોજના હતી. આ બધી વ્યવસ્થા અંગે સર સેનાપતિ જનરલ બુશરના નિવાસસ્થાને લાંબી મંત્રણા કરવામાં આવી હતી. બરાબર ૧૧ વાગ્યે આ પાટ સાથે પૂ. બાપુના દેહને શસ્ત્રવાહિની પર મૂકવામાં આવ્યો. સફેદ દૂધ જેવી ચાદર ઓઢાડવામાં આવી. હું આ જ વેળા પૂ. ભાઈની ચિંતા કરતી હતી કે સ્ટેશન પર તેમનું શું થયું હશે! પણ હજુ બિરલા હાઉસની બહાર પણ નહોતા નીકળ્યા ત્યાં મને કોઈકે કહ્યું, તારા પિતાજી આવ્યા છે! મને થયું કે બાપુને મારા પ્રત્યે અંતરીક્ષમાં પણ ચિંતા હશે તેથી પોતે બિરલા હાઉસની બહાર નીકળે તે પહેલાં મને મારા બાપના હાથમાં જાણે સોંપી દેવા માટે જ હજુ થોભ્યા હશે! રામદાસકાકા નાગપુરથી પ્લેનમાં આવ્યા. પંડિતજીને અતિવહાલું ગુલાબનું ફૂલ તેમણે પોતની અંતિમ અંજલિ રૂપે મૂક્યું. સુશીલાબહેન બિચારાં આક્રંદ કરતાં ભાવલપુરથી આવ્યાં. અમે ત્રણેય જણા એકમેકને વીંટીને બાપુની છાતી પર માથું મૂકીને અમારાં આંસુની અંજલિ આપતાં હતાં, તોપણ આજે બાપુ અમારી સાથે બોલનાર ન હતા. મેં તો બાપુની ખૂબ ખૂબ માફી માગી અને એક જ માગણી કરી કે, હે બાપુ! આપે આપેલી મૂડીને વધારી ન શકું તો બહુ ચિંતા નથી, પણ તેને વેડફી ન નાખું તેનું આપ મને સતત ભાન કરાવજો.. . .

સ્મશાનયાત્રામાં લશ્કરી દળોના ત્રણે વિભાગો ખુશ્કી, નૌકાદળ અને હવાઈ દળની ટુકડીઓ આવી પહોંચી હતી. લાલ ડગલાવાળા સશસ્ત્ર પોલીસ દળની ટુકડીઓ પણ હાજર હતી. ચાર બખ્તરગાડીઓ આ આખા સરઘસની મોખરે રહેવાની હતી. માનવમેદનીનો તો સુમાર જ ન હતો. બાપુના દેહ પર ફૂલોનો વરસાદ વરસતો હતો. પૈસાનો તો ઢગલો થઈ પડતો. અમારા બિરલા હાઉસના મુખ્ય દરવાજે તો ખૂબ જ જાપ્તો રખાયો. અંજલિ આપવા આવનારાઓ માટે પાસ કઢાયા હતા. લાખોની આ માનવમેદની શોકસાગરમાં ડૂબેલી હતી. તમામની આંખોમાંથી આંસુ સુકાતાં જ ન હતાં.

અમે બાપુના શબને ઉપાડ્યું. મારા ખભા પર બાપુની નનામી ઉપાડવાની! હું ભાગ્યશાળી કે ભાગ્યહીન? કોઈની કલ્પનામાં જ ન આવે કે જગદ્વંદ્ય બાપુને મારે આજે કાંધ આપવાની હશે! એક તરફ ભયંકર ડૂસકાંના અવાજ, બીજી તરફ રેડિયો પરથી રિલે કરનારાઓ છાતી ચીરી નાખે તેવા શબ્દોમાં ત્યાં જે બની રહ્યું હતું તેનું બયાન જગતભરમાં પહોંચાડી રહ્યા હતા: 'બાપૂ કે અવશેષકો અબ બાહર લાયે જાતે હૈં. લાખો લોગ યહાં જમા હૈં. નિઃશ્વાસ તક સુના જા શકે ઇતની શોકગ્રસ્ત શાંતિમેં ભારતકે રાષ્ટ્રપિતા આજ અપની અંતિમ શાંતિયાત્રા કે લિયે બિરલા ભવન કે દ્વાર

છોડ રહે હૈં. લાખો લોગ યહાં હૈં કિન્તુ ઉનમેં પ્રાણ કહાં! પ્રાણ તો યહ થા, જો અભી અપની અંતિમ યાત્રા કે લિયે જા રહા હૈ. જાઓ મહાત્મન્, જાઓ! અપની અંતિમ શાંતિયાત્રા કે પાવનકર માર્ગો પર જનહૃદયકી અંજલિયાં પાતે હુએ જાઓ.. . . કરોડોંકી જનતા આપકો, ભારત કે રાષ્ટ્રપિતાકો, વિશ્વકે યુગપુરુષકો, અંતિમ વંદના કર રહી હૈ, જાઓ મહાત્મન્!'

આ રેડિયોવાળાના શબ્દોથી તો હૃદયના બંધ તૂટું તૂટું થતા હતા. અમને પંડિતજીએ હાથ પકડીને નીચે ઉતાર્યા. પંડિતજીની આંખો તો એટલી સૂજેલી હતી કે તેમનો પ્રફુલ્લિત ચહેરો જેણે જોયો હોય તેને તો એમની આ દશા જોવી જ ભારે પડે. તેઓ જનતાને માર્ગ આપવા ઈશારાથી વિનંતી કરી રહ્યા હતા. તેમ જ એક લાઉડ સ્પીકરવાળી મોટર પણ જનતાને સૂચનાઓ આપતી હતી. લશ્કરના ત્રણેય વિભાગોના પ્રતિનિધિઓએ દોરડાં ખેંચી બાપુને— રાષ્ટ્રપિતાને — જમનાતટે પહોંચાડવાનાં પહેલાં પગલાં માંડ્યાં. પૂ. મણિબહેને અમારાથી પાંચ માઈલ સુધી ન ચલાય તો ઘરે જ રહેવા કહ્યું. પણ એ તો કેમ રહી જ શકાય? સરદારદાદા, રામદાસકાકા, મૌલાના સાહેબ, કૃપાલાનીજી વગેરે કોઈ વાર શબવાહિની ઉપર બેસતા હતા તો કોઈ વાર ચાલતા હતા. પંડિતજી પણ એમ જ કરતા હતા. અમે પહેલી ટુકડીમાં રામધૂન ગાતાં ચાલવાનું શરૂ કર્યું. અમારી આગળ પોલીસો હતા. સહુથી આગળ ચાર બખ્તરગાડીઓ હતી, પછી લશ્કરી ટુકડીઓ, પોલીસ ટુકડીઓ, સેવાદળ અને અંતે શબવાહિની. આ પ્રમાણે ક્રમ હતો.

શબવાહિની પાછળ હિંદ સરકારના પ્રધાનો, ગવર્નર જનરલ માઉન્ટબૅટન, પ્રાંતોના ગવર્નરો, પ્રાંતોના વડા પ્રધાનો અને પ્રધાનો, ઉચ્ચ લશ્કરી અમલદારો, પરદેશી એલચી ખાતાંના પ્રતિનિધિઓ, મિત્રો, સ્વજનો, બિરલા કુટુંબ, મહારાજા જામ સાહેબ તેમ જ અન્ય રાજવીઓ, મહાસમિતિના તેમ જ લોકસભાના સભ્યો તથા દિલ્હીના આગેવાનો એમ સહુ ચાલતાં હતાં.

૪૦૦૦ લશ્કરી સૈનિકો, ૧૦૦૦ હવાઈ દળના સૈનિકો અને ૧૦૦૦ પોલીસની ટુકડીઓ એમ પોતાના ગણવેશમાં આવી હતી. ચીનના એલચીના હુકમથી દિલ્હીમાં વસતાં તમામ ચીની પ્રજાજનો પણ ચીની ભાષામાં 'ગાંધીજી અમર રહો' એ સૂત્ર પોતાના ઝંડામાં કોતરાવીને હાજર હતાં અને શબવાહિનીની પાછળ પાછળ ચાલતાં હતાં.

૧૧-૩૦ વાગ્યે અંતિમ યાત્રાની શરૂઆત કરી અને પાંચેક કલાકમાં સાડા પાંચ માઈલનો પંથ કાપી રાજઘાટ પહોંચી. લોકોએ શંખનાદ કર્યો. કયા વિજયનો આ શંખનાદ હતો? બાપુના વિજયનો? કે કરેંગે યા મરેંગેનાં બંને સૂત્રો સિદ્ધ થયાં તે વિજયનો? અંતિમ યાત્રાનો પંથ આ પ્રમાણે હતોઃ આલ્બુકર્ક રોડ, કિંગ્ઝવે, મેમોરિયલ આર્ચ, પ્રિન્સિસ પાર્ક, શાહજહાન રોડ પર થઈને દિલ્હી ગેઇટ, અને દરિયાગંજ પાસે થઈને રાજઘાટ. મહાત્માકી જય, 'મહાત્મા ગાંધી અમર હો ગયે'ના ઘોષ અને શંખનાદ સાથે અડધાએક કલાકમાં સ્મશાનયાત્રા મેમોરિયલ આર્ચ પાસે આવી પહોંચી. દોઢસો ફૂટ ઊંચા યુદ્ધસ્મારક પાસેથી જ્યારે વાહિની પસાર થઈ ત્યારે મેમોરિયલ આર્ચની છેક ટોચે અને આસપાસનાં સેંકડો વૃક્ષો, તારના થાંભલા, ઘરોની અટારીઓ અને અગાસીઓ જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં માનવમેદની જ દેખાતી હતી. સર્વ ધર્મ અને સર્વ કોમનાં માણસો તેમાં હતા. હજારો માણસો હાથ જોડતા જોડતાં જ આંખમાંથી અશ્રુધારા સાથે પોતાના રાષ્ટ્રપિતાને પ્રણામ કરવાની તક ઝડપવા આતુર હતા. વચ્ચે વચ્ચે પંડિતજી, દેવદાસકાકા અમને બંને છોકરીઓને આ શબવાહિનીમાં વારાફરતી બેસાડવા લઈ જતા હતા. અમે રામધૂન ચલાવતાં હોવાથી વારાફરતી જઈ શકતાં. રસ્તો ચોખ્ખો રાખવા માટે રાઈફલધારી ગુરખા ટુકડી અને સ્કાઉટો રસ્તાની ધાર પર ચાલતા હતા. પંડિતજી દોરડું ઓળંગી ઓળંગીને આમ તેમ કૂદી જતા હતા તેની પોલીસો ને સ્વયંસેવકોને ખૂબ બીક લાગતી હતી. તેમની રખેવાળી કરવી કપરી હતી. અને કોઈ તેમને તેમ ન કરવા, દોડી ન જવા ક્યારેક કહેતા તો તેઓ ખૂબ નારાજ થઈ બોલતા, ''અરે! તુમ બાપુ કો તો ન બચા સકે.''

આખો પાંચ માઈલનો રસ્તો ગુલાબનાં ફૂલોની પાંખડીઓ અને પૈસાઓથી ભરચક છવાઈ ગયો હતો. હિંદી વિમાની દળનાં ત્રણ ડાકોટા વિમાન બાપુની શબવાહિની ઉપર ત્રણ પ્રદક્ષિણા ફરીને પુષ્પવૃષ્ટિ કરતાં હતાં ત્યારે રામાયણમાં વર્ણવેલા પુષ્પક વિમાનનું દૃશ્ય નજરે તરતું હતું. એ તો એક વિરલ દૃશ્ય હતું. ત્રણ વખત આમ બન્યું. ત્રણેય વેળા આ રીતે ચકરાવો લઈને સેંટ-અત્તર સાથે ફક્ત ગુલાબનાં ફૂલોની આ વર્ષા અદ્‌ભુત હતી.

દિલ્હી ગેટથી આગળ વધી સ્મશાનયાત્રા દરિયાગંજને રસ્તે જમના તટ તરફ વળી. રસ્તામાં ડિસ્ટ્રિક્ટ જેલ આવી, જ્યાં પૂ. બાપુને કેદી તરીકે રાખેલા. આ જેલની બહાર

દરવાજા સામે જેલના ચોકીદારો અને વૉર્ડરોએ જેલરની આગેવાની હેઠળ લશ્કરી ઢબે રાષ્ટ્રપિતાને સલામી આપી ત્યારે પંડિતજી શબવાહિનીમાંથી ઊતરી ગયા હતા. રાજેન્દ્રબાબુજી તો સિલોન હતા. તેઓ ત્યાંથી બપોરે દિલ્હી પહોંચ્યા. મુંબઈથી પણ ઘણા મહેમાનો બપોરે દિલ્હી પહોંચ્યા એટલે અર્ધે રસ્તેથી એ સહુ સ્મશાનયાત્રામાં જોડાયા હતા. દિલ્હી ગેટ પાસે તો બેસુમાર ભીડ હતી. લગભગ ત્રણથી ચાર લાખની માનવમેદની હશે. આસપાસનાં ગામડાંમાંથી પણ લોકો પહોંચ્યા હતા.

જમનાતટ પર ૧૨'×૧૨'નો અઢી ફૂટ ઊંચો એક ચોતરો ચણી લેવાયો હતો. તેને જમનામૈયાના પવિત્ર જળથી પવિત્ર કરાયો હતો. પંચ પલ્લવ પુષ્પોથી શણગારાયો હતો. પંદર મણ ચંદનનાં લાકડાં, ચાર મણ ઘી, બે મણ ધૂપ, એક મણ શ્રીફળ, એક મણ સમિધ, પંદર રતલ કપૂર, એ બધી સામગ્રી ત્યાં તૈયાર હતી. અને ચિતાસ્થાને ૧૦૦ વાર દૂર મજબૂત કોર્ડન કરી હતી જેથી લોકોનો ધસારો ન થઈ પડે. અહીં પણ લાખો માણસો આગળથી પહોંચી ગયા હતા. શિયાળાનો વાયરો કાનમાં ફૂંકાઈ રહ્યો હતો. અમે હજુ ત્યાં પહોંચીએ ત્યાં તો ભયંકર ધસારો થઈ પડ્યો. કેટલાય મૂર્છા પામ્યા, કેટલાયને ઈજા થઈ. ઍમ્બુલન્સ કારો હાજર હતી, દોડધામ કરતી હતી. રાષ્ટ્રપિતાનાં અંતિમ દર્શન કરવાનો રાષ્ટ્રભરના તમામ માનવીનો સરખો જ હક આ વેળા દેખાતો હતો. જ્યારે અમે શબને ઉતારવાની વ્યવસ્થા કરવા તૈયાર થયાં ત્યારે તો ફૂલોના ઢગલામાં સંપૂર્ણ દેહ ઢંકાઈ ગયો હતો. દેખાતો હતો માત્ર એ મહાન અણનમ અને પોતાના અનુપમ વિજયના સાક્ષીનો ચંદનાદિના લેપવાળો એ ભવ્ય ચહેરો!

અમે સહુએ આ શબવાહિની પરથી શબને નીચે ઉતાર્યું. પંડિતજી પણ હિંદુ વિધિ અનુસાર ધોતિયું જ પહેરીને આવ્યા હતા. તેમને અંતિમ વિધિ કરવાનો સહુએ આગ્રહ કરેલો પણ તેમણે રામદાસકાકાનો જ આગ્રહ રાખ્યો. નનામી લેતી વેળા પણ અચૂક અમને સહુને યાદ કરીને બોલાવતા.

અને આખરે અમે અમારા ગોઝારા હાથે બાપુના દેહને જમના નદીના જલથી સિંચન કરી ઉત્તર દિશા તરફ માથું રાખી ચંદનનાં કાષ્ઠ પર વિધિપૂર્વક અને શ્લોકપાઠ સાથે પધરાવ્યો. શાસ્ત્રી રામધન શર્મા આ વિધિ કરાવતા હતા. અમે સર્વ ધર્મની પ્રાર્થના કરી, કોની મગદૂર છે કે આ વેળા હૈયું હાથ રહે? અરે! જે બાપુને નાનકડી ટાંકણી જરા અડી જાય તો અમારાં હૃદય કંપી ઉઠે—તે બાપુના આ કોમળ દેહ પર મોટાં મોટાં લાકડાં ગોઠવાયાં—અરે.. આ સહુથી વસમી પળ જીરવવી કેટલી ભયંકર બની! હું તો સરદારદાદાના ખોળામાં ઢગલો જ થઈ ખૂબ ખૂબ રડી. પંડિતજીએ અપાર રુદન કર્યું. સરદારદાદા અને પંડિતજી તો જાણે એક જ દિવસમાં એકાએક વૃદ્ધ થઈ ગયા હોય તેવા બની ગયા. તેમને લૉર્ડ માઉન્ટબૅટને શાંત કરવા ખૂબ પ્રયત્ન કર્યો. લૉર્ડ અને લેડી માઉન્ટબૅટન, તેમની બંને પુત્રીઓ, તેમના જમાઈ, લૉર્ડ બ્રેબોર્ન, મદ્રાસના ગવર્નર સર આર્લ્કિબાલ્ડ નાઈ, સંયુક્ત પ્રાંતનાં ગવર્નર શ્રીમતી નાયડુ, પૂર્વ પંજાબના ગવર્નર સર ચંદુલાલ ત્રિવેદી, ખેર સાહેબ, રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુજી, રાજકુમારીબહેન વગેરે અનેક હોય જ. લેડી માઉન્ટબૅટને આખરે પંડિતજીને એક પ્રેમાળ બહેન સાંત્વન આપે તેમ આપવા પ્રયત્ન કર્યો, પણ તેમનું રુદન અટકતું જ ન હતું.

આખરે જ્વાળાઓ વધતી ચાલી. પવનથી તણખા ડતા હતા. અગ્નિદેવ અમારાં આ પાપોને ધિક્કારતા હોય તેમ ખૂબ પવન સાથે આ તણખાઓનો વેગ વધતો જ જતો હતો. અમારી આ બેહાલતમાં સરદારદાદા જે મળી તે ટ્રકમાં બેસાડી અમને બિરલા હાઉસ મૂકવા આવ્યા. અમારી શી હિંમત હોય કે અમે બાપુવાળા ઓરડામાં પગ મૂકી શકીએ! આખા બિરલા ભવનમાં અમારી વહારે આવે એવું અત્યારે કોઈ ન હતું. ખૂબ રડ્યાં, ખૂબ કલ્પાંત કર્યું. અંતે આંસુ પણ સુકાઈ ગયાં. મોડી રાતે કડકડતી ઠંડીમાં એકદમ ઠંડા પાણીથી નાહ્યાં. ૩૦મી તારીખથી પાણી પણ અમે ગળે નહોતું ઉતાર્યું. મોડી રાતે આવા કડકડતા ઠંડા પાણીએ પોતાની મેળે જ ઊઠી સ્વસ્થ થઈ નાહ્યાં. અમારે રાજઘાટ પર છેલ્લે સુધી રહેવું હતું. પરંતુ બેસુમાર ભીડ અને અમારી આ હાલતથી સરદારદાદા અમને પાછાં લાવ્યા. છેવટે અમારી ખબર કાઢવા પ્રેમાળ કાકા-કાકી આવ્યાં. કાકાને ત્યાં તો મહેમાનોની પારાવાર ભીડ છે. દેવદાસકાકાએ મને તો ખૂબ જ પ્રેમથી સાચવી. બાપુજીની બધી વસ્તુઓની યાદી કરવાનું કહ્યું. અને તે રીતે વાત બદલાવી. છેવટે અમારી ઇચ્છાને લીધે પોતાની ગાડીમાં અમને રાતે ચિતાસ્થાન પર લઈ ગયા. દક્ષિણ આફ્રિકાવાળા બાપુજીના જૂના સાથી સોરાબજીભાઈની સતત ચોકી હતી અને રાતોરાત તારના કાંટાની વાડ પણ બાંધી લેવામાં આવી. તેમ જ મિલિટરી પહેરાઓ રખાયા.

અમે બે વાગ્યે રાતે ફરી ત્યાં ગયાં. અરે! બાપુજીના કોમળ

પગ બળતા હતા—હાડકાં હતાં! અમારી આંખો આ જોતાંય ફૂટી નહીં! કેટલું પાષાણ હૃદય હશે! મને તો આ જોઈને ત્યાં ઊભા રહેવું મુશ્કેલ લાગ્યું. ગાડીમાં બેસી પડી. પ્રભુ આવું દૃશ્ય હવે ફરી કોઈ દહાડો જિંદગીમાં ના બતાવીશ. મારી ઉંમરના હજુ બે દાયકા પૂરા ન થયા ત્યાં આવી બે કરુણ ઘટના! પૂ. કસ્તૂરબા અને પૂ. મહાત્મા ગાંધી જેવી દુનિયાના ઇતિહાસમાં અમર વિભૂતિઓના અગ્નિદાહની મને સાક્ષી બનાવી! દિલમાં એ આઘાત રહી જ જવાનો. અને છતાંય હું દુનિયા સમક્ષ ભાગ્યશાળી ગણાઉં છું!

રાજઘાટ પર તો અસહ્ય ધસારો છે. બિરલા ભવન પર પણ એમ જ છે. આવતી કાલે અસ્થિવિસર્જન થશે. અમારે તો જાણે કંઈ જ કામ નથી. બાપુ હતા ત્યારે સમય ઓછો પડતો હતો, અત્યારે તો સમય એવો વધી પડ્યો છે કે કઈ રીતે પસાર કરવો તે કોયડો બન્યો છે.

બિરલા ભવનમાં અમે સવારે નિયમ મુજબ ઊઠીને પ્રાર્થના કરીએ છીએ. બાપુ બેસતા હતા તે ગાદી પાસે જ. ઓરડો તો એટલો સૂનો ભાસે છે કે તેનું તો શું વર્ણન કરું? દેવદાસકાકા અને રામદાસકાકા, મારા પિતાજી અહીં છે તેથી તેમની પાસે જ રાખે છે અને તેમને ગમે છે. કાકાને અને તેમને ખૂબ જ ફાવે પણ છે. ભાઈ પણ કાકા પર— અમારા સહુ પર આવતી ટપાલો, તારોના થોકડા, ટ્રંક કૉલ વગેરેને ઝીણવટપૂર્વક જુદાં કરે છે. છાપાંઓમાં આપવા જેવા લાગે તે આપે છે.

દેશપરદેશના સંદેશાઓમાં—અમેરિકામાંથી પ્રમુખ, ટ્રુમૅન, ઍબિસીનિયા, અફઘાનિસ્તાન, આર્જેન્ટાઇન, આયર્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ઇરાક, ઈરાન, ઇટાલી, ઇન્ડોનેશિયા, ઇજિપ્ત, કૅનેડા, ક્યુબા, કોલંબિયા, ચીન, ચીલી, જર્મની, જાપાન, ઝેકોસ્લોવાકિયા, ઝાંઝીબાર, ગ્રીસ, ડેન્માર્ક, તુર્કી, તિબેટ, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ ર્‌હોડેશિયા, નેપાલ, નેધરલૅન્ડ, નૉર્વે, ન્યૂઝિલૅન્ડ, પૅલેસ્ટાઈન, પોર્ટુગલ, પોલાન્ડ, ફ્રાંસ, ફિલિપાઈન્સ, ફિનલૅન્ડ, બ્રિટન, બર્મા, બ્રાઝિલ, બગદાદ, મોરોક્કો, યુગાંડા, લેબેનોન, લક્ષમ્બર્ગ, સાનમેરીનો, સિસિલીસ, સોમાલીલૅન્ડ, સુદાન, સ્વિટ્ઝર્લૅન્ડ, સ્વીડન, સીરિયા, સંયુક્ત રાષ્ટ્રસંઘ, હવાઈ, આમ દુનિયાના બધા જ દેશોમાંથી સત્તાવાર રીતે તે તે સરકાર તરફથી તેમ જ બ્રિટિશ રાજપુરુષો તરફથી તેમ જ બધા દેશોમાં વસતા પૂ. બાપુના અનેક અંગત મિત્રો તેમ જ શુભેચ્છકોના તારો તેમ જ સંદેશાઓ હતા. આ જોઈને ખરેખર એમ લાગે છે કે બાપુએ તો જીવીયે જાણ્યું અને મરીયે જાણ્યું.

પૂ. બાપુજીનાં અસ્થિ તેમ જ ભસ્મનો મુખ્ય વિસર્જનવિધિ તો પ્રયાગમાં ત્રિવેણીસંગમમાં થવાનો છે. પરંતુ હિંદના રાષ્ટ્રપિતાનું અંતિમ ભસ્મદર્શન કરોડો દેશવાસીઓ કરી શકે એટલા માટે દરેક પ્રાંતને ભસ્મકુંડ આપવાનું નક્કી થયું.

ભાવનગર માટે બળવંતભાઈ ખાસ મારી પાસેથી ભસ્મ લઈ ગયા. તે વેળા દરેક પ્રાંતમાં ભસ્મ આપવાનું નક્કી ન હતું. ના. મહારાજા સાહેબની ઇચ્છા હોવાને કારણે મારી પાસેથી પ્રસાદીમાંથી થોડી ભસ્મ આપી. મુખ્ય મુખ્ય પ્રાંતોમાં આ પ્રમાણે નક્કી થયું":

અલ્લાહાબાદમાં—ત્રિવેણીસંગમમાં

મુંબઈ પ્રાંતમાં—નાસિક ગોદાવરીમાં

આંધ્ર પ્રાંતમાં—કૃષ્ણા નદી—બેઝવાડા

તામિલનાડ—શ્રીરંગમ—કાવેરીમાં

બિહારમાં—ગયા પાસે ગોમતીમાં

મધ્ય પ્રાંતમાં—ત્રિપુરીપાસે નર્મદામાં

પૂર્વ પંજાબ—જલંદર,—સતલજમાં

પશ્ચિમ બંગાળ—દક્ષિણેશ્વર—હુગલી નદી

ઇન્દોરમાં—રજપૂતાના—ક્ષિપ્રા નદી

ઓરિસ્સા પ્રાંતમાં—મહા નદી

આસામ—બ્રહ્મપુત્રા

અમદાવાદમાં—સાબરમતી

વર્ધામાં—પૌનાર નદીમાં

આ ઉપરાંત જગન્નાથપુરી, સેતુબંધ રામેશ્વર, કન્યાકુમારી અને પોરબંદર, આ સ્થળોએ સમુદ્રમાં વિસર્જન કરવાનું નક્કી થયું છે.

(**'નવજીવન**નો અક્ષરદેહ'માંથી સાભાર)

## સ્મૃતિકાળમાં કન્યાનાં દર્શન શુકનવંતાં

### પારુલટીના દોશી

દીકરી વગરના દેશ સૂના..... આ કહેણીનો અર્થ છેઃ દીકરી હોવી એ સૌભાગ્યનું પ્રતીક છે અને તેના વિનાનું ઘર સુનું ગણાય છે.

સ્મૃતિકાળમાં આ કહેવતનો ઉદ્ભવ નહીં થયો હોય, એટલે જ એ યુગમાં દીકરી હોવી એ સદ્ભાગ્ય ગણાતું નહોતું. પુત્રીજન્મ આનંદનો અવસર ન ગણાતો. છતાં એક વાત ચોક્કસ કે એ કાળમાં કન્યા ભ્રૂણહત્યા પણ થતી નહોતી. સ્મૃતિગ્રંથોમાં ભ્રૂણહત્યાને ભયાનક પાપ માનવામાં આવ્યું છે. સ્મૃતિકારોએ કન્યાવધનો ઘોરવિરોધ કર્યો છે.[૧] એટલે એ કાળમાં કન્યાનો જન્મ એ ખુશીનો પ્રસંગ ન હોવા છતાં એને દૂધ પીતી કરવાની પ્રથા પણ નહોતી એ જ એક મોટી વાત હતી.

કન્યાનો જન્મ ભલે હર્ષનો વિષય ન હોય, તેનાં દર્શન શુકનવંતા ગણાતાં. શાસ્ત્રો અને સ્મૃતિઓમાં કન્યાને શુભ તથા પવિત્ર કહી છે. આઠ માંગલિક વસ્તુઓમાં કન્યાની પણ ગણતરી કરવામાં આવી છે. આ રીતે કન્યાનો મહિમા કરવામાં આવ્યો છે. આ પરંપરા આગળ વધારતાં કેટલાક સ્મૃતિકારોએ પણ કન્યાનું મહાત્મ્ય કર્યું છે. વૃહત્પરાશરના મતે પિતા માટે પુત્ર અને પુત્રી સમાન છે. બન્ને વંશ ચલાવનારાં છે. તેથી પુત્ર અને પુત્રીમાં ભેદ ન કરવો જોઈએ. ધર્મજ્ઞા પુત્રી પણ પિતાની સ્વર્ગપ્રાપ્તિનું કારણ હોય છે. એ જ રીતે કશ્યપે કન્યાને આત્મસ્વરૂપ માની છે. તથા તેના દાનને સર્વશ્રેષ્ઠ કહ્યું છે તે અનુસાર કન્યા પોતાનું જ એક રૂપ હોય છે. કારણ કે પોતાની પત્નીમાં સ્વયં વીર્યરૂપે પ્રવેશ કરીને કન્યાનું ધારણ સ્વરૂપ ધારણ કરવામાં આવે છે. કન્યાનું દાન એક પ્રકારે આત્માનું જ દાન છે તેથી તેનું અત્યંત મહત્ત્વ છે.[૨] મનુએ પણ કન્યાની મહત્તા સ્વીકારી છે.પુત્રેણ દુહિતા સમા[૩] કહીને પુત્રીને પુત્રસમાન દરજ્જો આપ્યો છે. એટલું જ નહીં, તેમણે કયા સંજોગોમાં કન્યાનો જન્મ થાય છે તેનો પણ બે શ્લોકમાં ઉલ્લેખ કર્યો છે. તે અનુસાર બેકીની રાત્રિએ સ્ત્રીસંગ કરવાથી પુત્રો અને એકીની રાત્રે પુત્રીઓ જન્મે છે.[૪] ઉપરાંત પુરૂષનું વીર્ય વધારે હોય તો પુરૂષ અને સ્ત્રીની રજ વધારે હોય તે સ્ત્રી જન્મે છે. આ શ્લોક ટાંકીને મનુ પુત્ર અને પુત્રી બન્નેની કામના કરતાં ઈશ્વર પાસે એવું વરદાન[૬] માંગે છે કે અમને સંતતિ આપો...

'મનુ કન્યાનું અવતરણ થાય જ નહીં અને માત્ર પુત્રજન્મ થાય તેના પક્ષમાં નહોતા...' ડૉ. આર.એમ.દાસે 'વુમન ઇન મનુ એન્ડ હીઝ સેવન કોમેન્ટેટર્સ'માં આ શબ્દો નોંધ્યા છે. તેમણે લખ્યું છે કે, 'મનુ કોઇ પણ સંજોગોમાં માત્ર પુત્રજન્મની તરફેણમાં નહોતા આવી ઈચ્છા તેમને માન્ય જ નહોતી. એટલે જ તેમણે પુત્ર તથા પુત્રી બન્નેની ઝંખના કરી છે. અને એ ઝંખના વ્યક્ત કરવા જ સંતતિ શબ્દનો પ્રયોગ કર્યો છે. પરંતુ મોટા ભાગના ટીકાકારોએ સંતતિનો અર્થ પુત્ર કર્યો છે. પુત્રસંતાનની જ કામના કરી છે. પણ મનુ પોતે તેના સમર્થક નહોતા. એથી જ મનુસ્મૃતિમાં પુત્રજન્મ માટેના પુંસવન સંસ્કારનો ઉલ્લેખ જોવા મળતો નથી.'[૭]

મનુસ્મૃતિમાં પુંસવનનો ઉલ્લેખ નથી, પણ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં આ સંસ્કાર જોવા મળે છે. એ મુજબ ગર્ભના હલનચલન પહેલાં પુંસવર્ન સંસ્કાર કરવા જોઈએ. આ સંસ્કારના મહત્ત્વ વિશે અતિયા દાનિશે 'સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન'માં નોંધ્યું છે કે, 'સોળ સંસ્કારમાં પુંસવનનું દ્વિતીય સ્થાન છે. આ સંસ્કાર દ્વારા ગર્ભાશયમાં પુંનું આધાન કરવામાં આવે છે. સ્મૃતિઓનું માનવું છે કે પુત નામના નરકથી મુક્તિ મેળવવા માટે પુત્રજન્મ આવશ્યક છે. અત્રિના મતે પુત્રનું મુખ જોવા માત્રથી પિતા પિતૃઓના ઋણથી મુક્ત થઈ જાય છે અને અમરત્વ પ્રાપ્ત કરે છે. વિષ્ણુ, વસિષ્ઠ તથા વૃહત્પરાશરની પણ એવી જ માન્યતા છે. બૃહસ્પતિનું કથન એવું છે કે ઘણા બધા પુત્રોની ઈચ્છા કરવી જોઈએ. આંગિરસના મતે અપુત્રનો લોક નથી. આમ, સ્મૃતિકારોના કહેવા મુજબ વંશના ઉદ્ધાર માટે તથા સર્વલોકને પ્રાપ્ત કરવા માટે પુત્ર અનિવાર્ય છે.'[૮]

પુત્રનું મહત્ત્વ તો મનુએ પણ સ્વીકાર્યું છે. તેમના કહેવા પ્રમાણે, પુત્ર પિતાનું પુત્ નામના નરકથી રક્ષણ કરે છે તેથી સ્વંયભૂએ પોતે જ તેને પુત્ર કહ્યો છે.[૧૦] એટલે જેને પુત્ર જોઈતો હોય તેણે બેકી રાત્રિએ સ્ત્રીસંગ કરવો.[૧૧] વળી પુરૂષ પુત્રથી સ્વર્ગલોક જીતે છે, પૌત્રથી અનંત સુખ ભોગવે છે અને પુત્રના પૌત્રથી સૂર્યલોકને પામે છે.[૧૨]

પુત્રનું આટઆટલું મહત્ત્વ હોવા છતાં મનુસ્મૃતિમાં પુંસવનનો ઉલ્લેખ કરાયો નથી, પણ મનુના ટીકાકાર મેઘાતિથિ અને નંદને આ સંસ્કારની ચર્ચા કરી

છે. ડૉ. દાસે એ વિશે નોંધ્યું છે કે, 'આ સંસ્કાર માત્ર પુત્રજન્મ માટે અને જો ગર્ભમાં પુત્રી હોય તો તેની જાતિ બદલી નાખવા માટે કરાતા. જોકે એ રીતે જાતિ બદલવામાં આવી હોય તેવા કોઈ પુરાવા મળતા નથી. મનુના ટીકાકારોએ આ સંસ્કારનો ઉલ્લેખ કર્યો છે, પણ સ્વયં મનુ એ અંગે મૌન છે. એટલું જ નહીં, તે પુત્રીને પુત્રસમાન ગણે છે. તેનું અર્થઘટન એવું કરી શકાય કે દીકરી પ્રત્યેનો સામાજિક પૂર્વગ્રહ દૂરકરવા માટે જ મનુએ પુત્રીને પુત્રસમાન ગણી છે.'[૧૩]

મનુએ પુત્રીને પુત્રતુલ્ય ગણી છે, પણ એ સાથે જે તેને દ્વિતીય કોટિમાં પણ મૂકી છે. કારણ કે મનુએ દીકરાના સંસ્કાર તો વેદમંત્રો સાથે કરવાનું કહ્યું છે, પણ દીકરીના સંસ્કાર મંત્રોચ્ચાર વિના કરવાનો આદેશ આપ્યો છે.[૧૪] યાજ્ઞવલ્ક્યે વિવાહ સિવાયના કન્યાના તમામ સંસ્કાર વેદમંત્રો વિના કરવાનું કહ્યું છે.[૧૫] એ જ રીતે આ બન્ને સ્મૃતિકારો તેને સ્વતંત્રતા આપવાના પક્ષધર નથી. યાજ્ઞવલ્ક્યના મતે કન્યા હોય ત્યારે પિતા, વિવાહિતા થાય ત્યારે પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રોએ સ્ત્રીનું રક્ષણ કરવું. તેમાંથી કોઈ ન હોય તો જ્ઞાતિજનોએ તેનું રક્ષણ કરવું, પણ સ્ત્રીને ક્યારેય સ્વતંત્ર ન રહેવા દેવી જોઈએ.[૧૬] મનુએ પણ પિતા રક્ષતિ કૌમારે ભર્તા રક્ષતિ યૌવને[૧૭] કહેતા એવું સૂચન કર્યું છે કે, સ્ત્રીને કુમારાવસ્થામાં પિતા રક્ષે, યુવાવસ્થામાં પતિ રક્ષે અને ઘડપણમાં પુત્રો રક્ષે, પણ કોઈ કાળે સ્ત્રીને સ્વતંત્રતા ન આપવી જોઈએ. ઉપરાંત મનુ દીકરીને અત્યંત દયાપાત્ર ગણે છે. એટલે જ કહે છેઃ દુહિતા કૃષ્ણં પરમ્.[૧૮]

મનુએ દીકરી માટે દુહિતા શબ્દ પ્રયોજ્યો છે, પણ કન્યાના નામકરણ વિશે કહ્યું છે કે, તેનું નામ સુખેથી બોલાય તેવું, કઠોરતા, વિનાનું સ્પષ્ટ અર્થવાળું, મનોહર, મંગળસૂચક, છેડે દીર્ઘ સ્વરવાળું અને આશીર્વાદવાચક હોવું જોઈએ.જ્યારે પરાશરે તેને તેની ઉંમર પ્રમાણે જુદું જુદું સંબોધન કર્યું છે. આઠ વર્ષની ગૌરી, નવ વર્ષની રોહિણી, દસ વર્ષની કન્યા અને તે પછીની રજસ્વલા.[૧૯]

આ દરેક ઉંમરની કન્યાને મનુ કોમળ અને નાજુક ગણે છે. તે કહે છે કે, દીકરીનું લાલનપાલન ખૂબ સારી રીતે કરવું જોઈએ. દીકરી સાથે ક્યારેય વાદવિવાદ ન કરવો.[૨૧] મેધાતિથિ અને કુલ્લુક કહે છે કે દીકરી સાથે શાબ્દિક જંગ ન ખેલવો. એ તિરસ્કાર કરે તો પણ સાંખી લેવું.[૨૨] તેને હંમેશાં ખુશ રાખવી એ વિશે ડૉ.લતા સિંહલે ભારતીય સંસ્કૃતિમેં નારીમાં નોંધ્યું છે કે, 'જો પિતા અને ભાઈ ધનધાન્યની કામના કરતા હોય તો તેમણે કન્યાનો આદર કરવો જોઈએ એવું સૂચન સ્મૃતિગ્રંથોમાં કરાયું છે. સ્મૃતિકારોએ કન્યાને સદા અલંકૃત રાખવાનું પણ કહ્યું છે. મનુના મતે કન્યાને દુઃખી કરવાથી કુળનો નાશ થાય છે અને તે પ્રસન્ન રહે તો સમૃદ્ધિ તથા સંપન્નતા પ્રાપ્ત થાય છે.'[૨૩]

એક બાજુ મનુ કન્યાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે, પણ બીજી બાજુ એમ પણ કહે છે કે, જો સ્ત્રી માત્ર પુત્રીને જન્મ આપતી હોય તો અગિયાર વર્ષ રાહ જોઈને પતિએ બીજી પત્ની કરવી....[૨૪] આ વિરોધાભાસી વિધાનમાં સ્મૃતિકાર મનુનું બેવડું વલણ છતું થાય છે.

સંદર્ભોઃ


૧. भारतीय संस्कृति में नारी, डॉ. लता सिंहल, पृ. २८३

૨. स्मृति साहित्य में गृहस्थाश्रम–एक विवेचन, अतिया दानिश, पृ. २०३.

૩. यथैवात्मा तथा पुत्रः पुत्रेण दुहिता समा। मनुस्मृति ९.१३०

• જેવો પોતાનો આત્મા છે, તેવો પોતાનો પુત્ર છે, પુત્રી પણ પુત્ર સમાન છે.

૪. युग्मासु पुत्रा जायन्ते स्त्रियोऽयुग्मासु। मनुस्मृति ३.४८

• બેકી રાત્રે સ્ત્રીસંગ કરવાથી પુત્રો જન્મે છે અને એકીની રાત્રે પુત્રીઓ જન્મે છે.

૫. पुमान्पुंसोऽधिके शुके स्त्री भवत्यधिके स्त्रियाः। मनुस्मृति ३.४९

• પુરુષનું વીર્ય વધારે હોય તો પુરુષ અને સ્ત્રીનું રજ વધારે હોય તો સ્ત્રી જન્મે છે.

૬. दातारो नोऽभिवर्धन्तां वेदाः संततिरेव च। मनुस्मृति ३.२५९

• અમારા કુળમાં દાતાઓ, વેદાધ્યયન અને સંતતિ વધો.

૭. વુમન ઈન મનુ એન્ડ હીઝ સેવન કોમેન્ટેટર્સ, આર.એમ. દાસ, પૃ. ૪૮.

૮. गर्भाधानमृतौ पुंसः सवनं स्पन्दनात्पुरा। याज्ञवल्क्य स्मृति १.२.११

• ઋતુકાળમાં ગર્ભાધાન, ગર્ભના હલનચલન પહેલાં પુંસવન સંસ્કાર કરવા જોઈએ.

૯. स्मृति साहित्य में गृहस्थाश्रम-एक विवेचन, पृ. ११५

૧૦. पुन्नाम्नो नरकाद्यस्मात्त्रायते पितरं सुतः ।

• પુત્ર પિતાનું પુત નાના નરકથી રક્ષણ કરે છે તેથી સ્વયંભૂએ પોતે જ તેને પુત્ર કહ્યો છે.

૧૧. तस्माद्युग्मासु पुत्रार्थी संविशेदार्तवे स्त्रियम् । मनुस्मृति ३.४८

• પુત્રની ઇચ્છાવાળાઓએ ઋતુકાળની બેકીરાત્રે જ સ્ત્રીસંગ કરવો.

૧૨. पुत्रेण लोकाञ्जयति पौत्रेणानन्त्यमश्नुते ।

अथ पुत्रस्य पौत्रेण ब्रध्नस्याप्नोति विष्टपम् ॥ मनुस्मृति ९.१३७

• પુરુષ પુત્રથી સ્વર્ગલોક જીતે છે, પૌત્રથી અનંત સુખ ભોગવે છે અને પુત્રના પૌત્રથી સૂર્યલોકને પામે છે.

૧૩. વુમન ઇન મનુ એન્ડ હીઝ સેવન કોમેન્ટેટર્સ,

૧૪. अमन्त्रिका तु कार्येयं स्त्रीणामावृदशेषतः।

संस्कारार्थं शरीरस्य यथाकालं यथाक्रमम् ॥ मनुस्मृति २.६६

• સ્ત્રીઓના પણ શરીરના સંસ્કાર માટેની સર્વ ક્રિયાઓ યોગ્ય સમયે અનુક્રમે વૈદિક મંત્ર વિના જ કરવી.

૧૫. तूष्णीमेताः क्रियाः स्त्रीणां विवाहस्तु समन्त्रकः। याज्ञवल्कय स्मृति १.२.१३

• સ્ત્રીઓના જાતકર્માદિ સંસ્કારો વેદમંત્રો વિના કરવા, પરંતુ વિવાહગ સંસ્કાર વેદોક્ત મંત્રો વડે કરવા.

૧૬. रक्षेत्कन्यां पिता विन्नां पतिः पुत्रास्तु वार्धके ।

अभावे ज्ञातयस्तेषां न स्वातंत्र्यं कचित् स्त्रिया ः॥ याज्ञवल्क्य स्मृति १.३.८५

• કન્યા હોય ત્યારે પિતા, વિવાહિતા થાય ત્યારે પતિ, વૃદ્ધાવસ્થામાં પુત્રો સ્ત્રીનું રક્ષણ કરે. એમાંથી કોઇ ન હોય તો જ્ઞાતિજનો તેની રક્ષા કરે. પરંતુ સ્ત્રીને ક્યારેય પણ સ્વતંત્ર ન રહેવા દેવી.

૧૭. पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।

रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यमर्हति ॥ मनुस्मृति ९.३

• સ્ત્રીને કુમારાવસ્થામાં પિતા રક્ષે, યુવાવસ્થામાં પતિ રક્ષે અને ઘડપણમાં પુત્રો રક્ષે પણ કોઇ કાળે સ્ત્રીને સ્વતંત્રતા ન ઘટે.

૧૮. दुहिता कृपणं परम् । मनुस्मृति ४.१८५

• દીકરી અત્યંત દયાપાત્ર છે.

૧૯. स्त्रीणां सुखोद्यमक्रूरं विस्पष्टार्थं मनोहरम् ।

मङ्गल्यं दीर्घवर्णान्तमाशीर्वादामिधानवत् ॥ मनुस्मृति २.३३

• સ્ત્રીના નામ સુખે બોલાય એવાં, કઠોરતા વિનાનાં, સ્પષ્ટ અર્થવાળાં, મનોહર, મંગળસૂચક, છેડે દીર્ઘ સ્વરવાળાં અને આશીર્વાદવાચક હોવાં જોઇએ.

૨૦. अष्टवर्षा भवेद्गौरी नववर्षा तु रोहिणी ।

दशवर्षा भवेत्कन्या अत ऊर्ध्वं रजस्वला ॥ पराशर स्मृति ७.४

• આઠ વર્ષની ગૌરી, નવ વર્ષની રોહિણી, દસ વર્ષની કન્યા અને તે પછીની રજસ્વલા કહેવાય છે.

૨૧. दुहिता दासवर्गेण विवादं न समाचरेत्।

• દીકરી અને દાસવર્ગ સાથે વિવાદ ન કરવો.

૨૨. तस्मादेतैरधिक्षिप्तः सहेतार्सज्वरः सदा । मनुस्मृति ४.१८५

• દીકરી અને દાસ તિરસ્કાર કરે તો પણ સાંખી લેવું.

૨૩. ભારતીય સંસ્કૃતિમેં નારી, પૃ. ૨૮૬

૨૪. एकादशे स्त्रीजननी सद्यस्त्वप्रियवादिनी । मनुस्मृति ९.८१

• જો સ્ત્રી માત્ર પુત્રીને જન્મ આપતી હોય તો અગિયાર વર્ષ સુધી રાહ જોઇને બીજી સ્ત્રી કરવી. **(ક્રમશઃ)**

(સીવીએમ બંગલોઃ૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઇકાકા સ્ટૅચ્યુ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫)

# વાતરક્તઃ એક કષ્ટદાયક વ્યાધિ

**અમીતા વ્યાસ**

'વાત' અને 'રક્ત' બંને વિકાર ગ્રસ્ત થવાથી શરીરમાં ઉત્પન્ન થનારા રોગ વાત-રક્ત રોગ તરીકે ઓળખાય છે. આ રોગની સામાન્ય ઓળખ બીજા વાતજન્ય રોગો કરતાં એ છે કે આમાં પીડા હાથ-પગના અંગૂઠાથી શરૂ થાય છે, જે ઘૂંટણ અને જાનુ સુધી ફેલાય છે. ક્યારેક આ પીડા હાથ અથવા પગની આંગળીઓથી શરૂ થઇ પગના તળીયા સુધી થાય છે. સામાન્ય રીતે ત્રીસથી પાંત્રીસવર્ષની ઉંમરમાં આ રોગનો પ્રકોપ વધારે હોય છે. પરંતુ આની સંભાવના પચાસ અથવા એની આસપાસની ઉંમરના લોકોમાં વધારે હોય છે.

આ રોગમાં વાયુ અને રક્ત બંને વધી જાય છે. બંને દૂષિત થાય છે. પરંતુ વાયુ વધારે પ્રકૂપિત થઇ રક્તને પ્રદૂષિત કરે છે.

### વાતરક્ત થવાનાં કારણોઃ-

- વધારે પ્રમાણમાં ગળ્યાં, ખારાં પદાર્થોનું સેવન.
- દહીં, છાશ, દારૂનું અધિક સેવન.
- ક્ષારમય તૈલી ખાદ્ય પદાર્થોનું અધિક સેવન, મૂળા, કળથી, અડદનું અધિક સેવન વાતરક્ત ઉત્પન્ન કરે છે.
- વાતરકત રોગ વારસાગત પણ થઇ શકે છે, આ ઉપરાંત શરીરમાં પોષકતત્વોની ઉણપના કારણે પણ સાંધાઓ સૂજી જાય છે.
- શારીરિક શ્રમની અધિકતા અથવા બેઠાડું જીવન આ બંનેના કારણે આ રોગ થઇ શકે છે.
- ખાડા ખરબચડા રસ્તા પર વાહનની વધુ સવારી અથવા મુસાફરી.

### વાતરકતનાં લક્ષણોઃ-

- સંધિઓની આસપાસકાળાશ થઇ જાય છે.
- વાતરક્તથી આક્રાન્ત થવાથી આંગળી અને પગ પર સ્પર્શાનુભૂતિ ઓછી થઇ જાય છે.
- આ રોગમાં વેદના સોય ભોંકવા સમાન થાય છે.
- રોગીને જોતાં માલૂમ પડે છે કે આ રોગમાં ઘૂંટણની આસપાસ તેમજ અન્ય કેટલીક જગ્યા પર ચકતાં થઇ જાય છે.
- હાથ અને પગની વચ્ચે નાની-નાની અસ્થિ સંધિઓ થાય છે, જે વાંકી થઇ જાય છે અને દર્દ ત્યાંથી શરૂ થઇ શરીરમાં વધે છે.

### વાતરક્ત રોગનાં ભેદઃ

- શાસ્ત્રાનુસાર વાતરક્ત રોગના કફજ, પિત્તજ, વાતજ અને રક્તજ આમ ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે.
- કફજ વાતરક્તઃ આ રોગમાં કફ પ્રધાન હોય છે. આમાં સંધિઓ ભારગ્રસ્ત થઇ જાય છે. સ્પર્શજ્ઞાન ઓછું થઇ જાય છે.
- પિત્તજ વાતરક્તઃ આમાં શોથ (સોજો) વધારે હોય છે. વર્ણ અધિક લાલ હોય છે. પ્રાયઃ પાકી જાય છે.વેદના અધિક હોય છે. પરસેવો ખૂબ જ થાય છે. રોગીને તાવ આવી જાય છે અને રોગીને ખૂબ જ તરસ લાગે છે અને રોગી મૂર્છિત થઇ શકે છે.
- વાતજ રક્તવાતઃ આમાં અસ્થિથી જોડાયેલી શિરાઓ ફૂલી જાય છે. ખૂબજ તેજ પીડા થાય છે. સોજાની જગ્યા કાળી પડી જાય છે. ઘૂંટણ જકડાઇ જાય છે.
- રક્તજ વાતરક્તઃ ઘૂંટણમાં સોજા આવે છે. આસપાસની ત્વચા લાલ થઇ જાય છે. ત્વચા ભીની હોય એવું લાગે છે.

### વાતરક્ત રોગનું નિદાનઃ

- વાતરક્ત રોગથી મળતાં હોય એવાં લક્ષણ આમવાત, સંધિવાત, ઉપદંશોત્પન્ન સંધિશૂલ વગેરે અન્ય વાતરોગોમાં પણ મળે છે પરંતુ બધા એક નથી.
- વાતરક્ત રોગમાં વાયુ અને રક્ત વિકૃત થાય છે જયારે અન્ય વાતજન્યરોગમાં રક્ત વિકૃત નથી પામતું.
- અન્ય વાતરોગમાં જયાં મોટી-મોટી સંધિઓ આક્રાન્ત અને વિકારગ્રસ્ત થાય છે પરંતુ વાતરક્તમાં વિશેષતઃ નાની સંધિઓ અને આંગળીઓ આક્રાન્ત થાય છે.
- વાતરક્ત રોગમાં ત્વચાનો રંગ બદલાઇ જા છે એવું અન્ય વાતરોગમાં નથી થતું.

### વાતરક્ત રોગની ચિકિત્સા

- વાતરક્ત રોગ થવાનાં જે કારણો છે એનો ત્યાગ

કરવો જરૂરી છે એ પ્રાથમિક ચિકિત્સા છે.

- કારણ દૂર કર્યા પછી શાધિન ચિકિત્સા કરવી જરૂરી છે જેમાં વિવેચન, બસ્તિ અને રક્તમોક્ષણ કરવું જોઇએ.
- શોથની ચિકિત્સા સાવધાની પૂર્વક કરવી જોઇએ કારણ કે શરીર શુદ્ધ થાય છે પરંતુ શરીર દુર્બળ પણ થઇ જાય છે.
- આ ઉપરાંત ઔષધિમાં અમૃતા ગુગળ, કૈશોર ગુગળ વાતરક્ત રોગની પરમોપયોગી ઔષધિ છે.
- સારિવાદ્યાસવ, અમૃતારિષ્ટ, ગુડુચ્યાદિ લૌહ વગેરે વાતરક્તમાં લાભદાયી છે.
- ઔષધિની સાથે સાથે માલિશ કરવાથી રોગ જલદી દૂર થાય છે. માલિશ માટે શતધૌત ધૃત, મરિચ્યાદિ તૈલ, વિષબિંદુ તેલનો ઉપયોગ કરી શકાય.

**વાતરક્તમાં પથ્યાપથ્ય:**

ચિકિત્સાની સાથે સાથે પથ્યાપથ્ય અને આહાર-વિહારનું ધ્યાન રાખવું ઘણું લાભદાયી છે.

**પથ્ય:**

- જૂના ચોખા, મગ, જવ, વગેરેનું સેવન લાભદાયી છે.
- શાકભાજીમાં કારેલાં પથ્ય છે.
- ફળમાં દ્રાક્ષપથ્ય છે.
- બકરી અથવા ભેંસનું દૂધ, માખણ ઘી ઉત્તમ છે.

**અપથ્ય:**

- કળથી, અડદ, વટાણા અહિતકર છે.
- દિવસે ઊંઘવું, વધારે પડતો શારિરીક શ્રમ, દહીં, દારૂ વગેરે અપથ્યકર છે.

(આરએમઓઃ એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટર્નિટી હોમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગરઃ ૩૮૮૧૨૧
ફોન:૦૨૬૯૨-૨૩૫૦૫૧)







વલ્લભ વિદ્યાનગરના ૭૦મા સ્થાપના દિનની ઉજવણી ટાણે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલે એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટના નિયામકપદેથી સેવાનિવૃત્ત થયેલા ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજાનું શાલથી સન્માન કર્યું હતું. મુખ્ય અતિથિ ડૉ. દાઉદભાઇ ઘાંચીને હસ્તે જુડો ચેમ્પિયન બાળાને સન્માનિત કરાઇ હતી. આણંદ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ પસંદગી પામતાં સન્માન સ્વીકારી રહેલા આઇ.બી.સેકન્ડરીના આચાર્ય ડૉ. મહેશ ખ્રિસ્તી



ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજમાં ભાઇકાકા ચૅરના ઉપક્રમે નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન થયું હતું. મુખ્ય મહેમાન તરીકે આણંદના ધારાસભ્ય શ્રી રોહિતભાઇ પટેલ ઉપસ્થિત હતા. અધ્યક્ષસ્થાને સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ ઉપસ્થિત હતા. મંચસ્થ મહાનુભાવોમાં કૉલેજના આચાર્ય ડૉ. ઘનશ્યામ ગઢવી, રાજ્યશાસ્ત્ર વિભાગના વડા ડૉ. બી.એમ. પરમાર અને ગુજરાતી વિભાગનાં વડાં ડૉ. અનિતા સાળુંકે હતાં.

## CVM's V&C Patel English School

**Madhuri Ravishankar**

Vasantiben and Chandubhai Patel English School was established in June 2008 under the umbrella of institutions of the Charutar Vidya Mandal (CVM). The Mandal has been in the forefront of educational development since the past 66 years. The establishment of this CBSE School by CVM is another step towards carrying the torch of enlightenment, through 'Education', with the able support and guidance of the Chairman of CVM, Dr. C.L. Patel. The school has classes from Kindergarten to Senior Secondary, affiliated to the Central Board of Secondary Education (CBSE).

Our Pride: Empowered Child: The words embedded in our school's logo, are words that germinate from the fact that education is synonymous with empowerment. The key philosophy of our school is 'Learning without Burden' and 'Inclusiveness in Education'. Encouraging holistic development of every child, imbibing Indian values sensitization towards environment and its conservation are the other core values the school cherishes and encourages in every sphere of its activities.

Every academic year the teachers devise various activities both curricular and co-curricular in order to stand by the words in our Logo and our Philosophy, both in letter and in spirit. Holistic and child centered education is the focus of our school curriculum. Hence, ample opportunities are provided in the form of activities, which involves the 3H i.e. Head, Heart and Hands.

As a part of our initiative towards our motto of 'Learning without Burden', the books of children of Kindergarten section are kept at school and we do not hold any exams for the KG section children and 1st and 2nd std. students We follow a semester system of examination from classes 3rd onwards. This is to eliminate the fear of examination and also to enable children to gradually accustom them to the formal examination system.

### Learning through Doing

- Activity based teaching and Play Way Method of Teaching is followed in the Pre Primary and Primary classes.
- The School has well equipped Laboratories to inculcate a 'Scientific Temper' in each student.
- Students are constantly encouraged to present their understanding of the topics in the form of Project work, Power Point Presentations
- Language development is brought about through Group Discussions, Debates, and Presentations in the class and during school assembly.
- Opportunities are provided for self expression through performing and fine arts.

### Technology and its use

21st century is known as the century of rapid advancements in technology and the immense attendant knowledge explosion and its phenomenal positive influence (s) in the field of education. It is obvious that every school has to make use of this technology driven education and use it in a manner that enhances learning experiences and outcomes.

The school recognizes this and follows a system of pedagogy, where use of technology complements teaching (by a teacher) and does not replace the teacher, whom the school regards as the backbone of any educational institution.

### Experiential Learning

- Field Visits
- Picnics
- Educational Tours and
- Camps are organised by the school regularly, to infuse the value of 'Learning Beyond Classrooms'

### Evaluation System

We believe that every child is precious and it is

the duty of the school and parents to recognize each child's potential and develop it to the maximum possible extent. And most importantly each child develops best when he competes with himself.

Hence, a system of evaluation, CCE, i.e. Continuous and Comprehensive Evaluation as postulated by CBSE, is being followed by our school. Through this system of evaluation we bring about a holistic and objective evaluation of each and every child on a continuous basis. In other words, each child shall continuously improve upon his past performance based on the feedback he/she gets on an ongoing basis.

**A Sound Mind in a Sound Body-**

Sports and related activities develop and enhance:

- fluid body movements
- balance
- concentration
- discipline
- team spirit

The school encourages students to take part in various sports at the interschool, district, zonal and national levels.

Academic Benchmarking- a vital element in providing quality education

The students are encouraged to take part in various national level scholastic competitions in order to benchmark their performance with students of the same grade at the National Level. Some of the National Level Exams students compete in are:

- ASSET- Assessment of Scholastic Skills through Educational Testing
- National Level Olympiads– Science, Maths and Cyber Olympiads
- MaRRs Spell Bee, National Talent Search Examination (NTSE) and many other exams held at the State/National Level.

In service Teacher Training- the keystone to quality education

The foundation of any school providing quality education is its teachers. It is our firm belief that a teacher needs to be a constant learner in every sphere of life, only then s/he can be a good teacher. Hence teachers are encouraged to take part in various in-service training programmes conducted in and outside the school. In the years to come there would be a concerted effort to organize many in-house, in-service training programmes.

Teacher Discussion Forum: Weekly discussion forum held for teachers to encourage teachers improve and enhance communication skills and to brainstorm on all topical events. Additionally, every staff meeting held once a month has a brainstorming session, where the teachers are encouraged to share their teaching experiences, discuss about new methodologies in teaching and better techniques of classroom management.

**Parent Teacher Interaction**

We believe that holistic education of a child is possible only when the school (teachers and administrators) and the community/society (parents, elders, social workers, and others) work in harmony. A strong foundation in education is only possible when the community at large is involved in the overall development of a school.

Towards this end, the parents, grandparents and guardians are constantly encouraged to interact with the teachers and the Principal to help build this foundation by synergizing every ones efforts. Hence we expect parents/extended family members, to actively involve themselves in each and every effort for the welfare of their ward(s). The Principal and the teachers keep in touch with the parents almost on a daily basis and a synergy is sought between the school and home environment of every child.

We at V&C Patel English School believe that holistic education of a child is possible only when the school (teachers and administrators) and the community/society (parents, elders, social workers, and others) work in harmony. A strong foundation in education is only possible when

the community at large is involved in the overall development of a school. Towards this end, we like to involve the parents of the wards admitted to our school to help us build this foundation by synergizing every ones efforts. Hence we expect parents to actively involve themselves in each and every effort of their ward(s).

## COLLABORATING WITH OTHER CBSE SCHOOLS:

Collaboration with other CBSE schools for a new and upcoming school is vital for improving quality across all parameters. New schools learn and gain insights from well established and experienced schools. Sahodaya School Complex is a group of about 20 CBSE schools in Central Gujarat. Some of the schools who are part of the Sahodaya Network are well known and renowned schools established over 30 years ago. In the academic year 2011-12 our school enrolled as a member of the Sahodaya. Under its umbrella a number of events are organized across the year. Workshops, competitions, and exhibitions provide opportunities for students and teachers alike to meet and exchange new ideas and learning techniques.

## CBSE ACCREDITATION:

CBSE has made it mandatory for all the schools affiliated to CBSE be accredited. In a short time the school shall formally apply for accreditation. The processes of preparation for accreditation has already been initiated by the school. One of the most important components for Accreditation is constitution of a Parent Teacher Association.

## CONSTITUTING PARENT TEACHER ASSOCIATION (PTA)

The school constituted a PTA of around 180 parent members and held the first Orientation Programme on 30-09-14.

'A Parent-Teacher Association (PTA) is a formal association composed of parents, teachers and staff that is intended to facilitate parental participation in a school and to bring about better and healthy communication between the school and the parents.'

The school has named the PTA as 'Samsrushti', meaning association in Sanskrit. The PTA elected its President, Vice President, Secretary and a Treasurer amongst its parent members democratically.

## LOOKING BACK WITH SATISFACTION---SIX FRUITFUL YEARS!!

Our sojourn as an educational institute began in the first year with 98 students from Junior Kindergarten up to 7th std. There were on an average only about 6 students in each class when we began our journey. We were affiliated to CBSE in April 2010 up to the Secondary Level and successfully upgraded to Senior Secondary Level in April 2012. The School has both Science and Commerce Streams at the Senior Secondary Level.

This academic year i.e. 2014-15, the school has 1050 students, more than a 10 fold increase in our strength since its inception in 2008!! The phenomenal growth of the school is a testimony to the fact that parents have placed a lot of trust in the school and consider the school a quality school and have faith in the fact that we are growing in the field of education and shall continue to do so. The management of CVM, our parents and the community at large have been a part of this phenomenal development and growth and recognition of the school. The school continues to grow in all spheres and is presently recognized amongst the top CBSE schools in the district.

The school shall continue to strive for holistic education and to achieve greater heights in the years to come with the support, good wishes and the blessings of all our stakeholders.

(Principal: V&C Patel English School,
Vallabh Vidyanagar- 388120 Dist:Anand
Phone: 02692-233325)

## વલ્લભ વિદ્યાનગરના ૭૦મા
## સ્થાપના દિવસની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)નો ૭૦મો સ્થાપનાદિન તાજેતરમાં જ સીવીએમના આઠમી મુદત માટે નવનિર્વાચિત અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં અને મુખ્ય અતિથિ તરીકે જાણીતા કેળવણીકાર ડૉ.દાઉદભાઈ ઘાંચી તથા અતિથિ વિશેષ તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ સહિતના મહાનુભાવો અને વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં દબદબાભેર ઉજવાયો હતો. ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર અને સરદાર પટેલ યુનિવર્સિટીના આદ્યસ્થાપકો ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબે ૩ માર્ચ ૧૯૪૬થી અત્યારના વલ્લભ વિદ્યાનગરના એ વખતના વેરાન પ્રદેશમાં આવીને વસવાટ શરૂ કર્યો અને આજે દેશવિદેશમાં વલ્લભ વિદ્યાનગર શિક્ષણના અનોખા સંકુલ તરીકે પ્રતિષ્ઠા પામ્યું એ નિમિત્તે પ્રતિવર્ષ ૩ માર્ચે વલ્લભ વિદ્યાનગર દિવસની ઉજવણી કરવામાં આવે છે.

સીવીએમ સંકુલમાં બ્રહ્માજી અને આમ્રવૃક્ષની સાક્ષીએ યોજાયેલા સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને મુખ્ય અતિથિ ડૉ.દાઉદભાઈ ઘાંચી ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, વલ્લભ વિદ્યાનગરના પાલિકા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ(બાબાભાઈ), સીવીએમના ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ અને માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલનો સમાવેશ હતો. આ પ્રસંગે મંડળની વિવિધ સંસ્થાઓના નિવૃત્ત થતા અધ્યાપકો, કર્મચારીઓનું સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલના હસ્તે શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. વિશિષ્ટ ઉપલબ્ધિઓ માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું મુખ્ય અતિથિ ડૉ.ઘાંચીને હસ્તે સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરાયું હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળની સાત દાયકાની શિક્ષણયાત્રાના ઈતિહાસ અંગે ડૉ.રમેશ એમ.ત્રિવેદીલિખિત અને સીવીએમ દ્વારા પ્રકાશિત ગ્રંથનું મહાનુભાવોએ લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત સીવીએમનાં દાતા શ્રીમતી વાસંતીબહેન ચંદુભાઈ પટેલ તરફથી આગામી દિવસોમાં સીવીએમના મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’માં અધ્યક્ષસ્થાનેથી કટારમાં ડૉ.સી.એલ.પટેલના જે લેખો પ્રગટ થયા છે તેના સંપુટનું પ્રકાશન કરવામાં સંપૂર્ણ આર્થિક યોગદાનની જાહેરાત પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે કર્યું હતું. સ્વાગતપ્રવચનમાં મહેમાનોનો પરિચય માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલે આપ્યો હતો. અધ્યાપક-વિદ્યાર્થી સન્માનની ઘોષણા માનદ કાર્યકારીમંત્રી ડૉ.જે.ડી.પટેલે કરી હતી. આભાર દર્શન ચારુતર વિદ્યામંડળસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ કર્યું હતું.

વલ્લભ વિદ્યાનગર દિવસની સીવીએમસંકુલમાં ઉજવણીના કાર્યક્રમ પૂર્વે અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના વડપણ હેઠળ મુખ્ય અતિથિ ડૉ.દાઉદભાઈ ઘાંચી અને વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ(બાબાભાઈ), સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, માનદ કાર્યકારીમંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ તથા પ્રિ.આર.સી.દેસાઈ, સંસ્થાઓના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો, કર્મચારીઓ અને નગરજનોએ સરદાર પટેલ, ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલ સાહેબની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પી હતી. ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે પણ સરદાર પટેલની પ્રતિમાને વલ્લભ વિદ્યાનગર દિવસની ઉજવણી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને પછીથી કુલપતિ રહેલા ૮૭ વર્ષના ડૉ.દાઉદભાઈએ આદ્યસ્થાપકોના મહાન કાર્યને વંદન કરતા શાયરાના અંદાજમાં કહ્યું હતું કે મારે આજે સ્મૃતિવંદના કરીને પૂર્વસૂરિઓને યાદ કરવા છે કારણ હું વિદ્યાનગરનો નાગરિક, વિદ્યાર્થી અને અધ્યાપક રહી ચૂક્યો છું. તેમણે આદ્યસ્થાપકોના દીર્ઘદ્રષ્ટા યોગદાનનું સ્મરણ કરીને કહ્યું હતું કે અહીં જે અધ્યાપકો,આચાર્યો અને વિદ્યાર્થીઓ શિક્ષણયજ્ઞમાં સામેલ છે. એમને અમણે આ વિશાળ સંકુલમાં જોડી રાખવા માટે પગાર જ એક પર્યાપ્ત બળ નથી, પણ એના માટે દિલનું વિશેષ બળ જોઈએ એટલે આજે પ્રેમ અને સમર્પણની ભાવનાને તાજી કરવાની છે. પૂર્વસૂરિઓ ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને એચ.એમ.પટેલ સાહેબને યાદ કરીને ૭૦ વર્ષ વલ્લભ

વિદ્યાનગરની સ્થાપનાના ૭૦ વર્ષ પૂરા થયા હોઈ ત્યારે આવતાં બીજા ૧૦૦ વર્ષ કામ કરવાની ચારુતર વિદ્યામંડળ ક્ષમતા ધરાવે છે એવું કહીને મુખ્ય અતિથિએ વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલને અભિનંદન આપ્યાં હતાં.

વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના અર્પણ અને તર્પણની વાત છેડીને વિદ્યાનગરના નોખા ઈતિહાસ અને વિચારને સ્પર્શતા ડૉ.દાઉદભાઈએ કહ્યું હતું કે આજે જરા જુદા પ્રકારની ઘરવાપસીનો પ્રસંગ છે એ ઘરવાપસી વલ્લભ વિદ્યાનગર પ્રત્યે નિષ્ઠા, પ્રેમ અને પ્રતિબધ્ધતાની છે. વલ્લભ વિદ્યાનગર ઈંટ, ચૂના, માટી અને લોખંડનું નહીં પણ અહીંના લોકોના દિલનો ટુકડો છે. તેમણે પ્રત્યેક વિદ્યાર્થીને વિદ્યાની દેવી સાથે જોડાવાની કામના કરતાં અહં બ્રહ્માસ્મિ સુધી પહોંચવાની હાકલ કરતાં કવિ હરિવંશરાય બચ્ચનની પંક્તિઓ ટાંકી હતીઃ તુ ન થકેગા કભી, તુ ન થમેગા કભી, તુ ન મુડેગા કભી, કર શપથ, કર શપથ, અગ્નિપથ, અગ્નિપથ.

અધ્યક્ષસ્થાનેથી ડૉ.સી.એલ.પટેલે ઉદ્‌બોધન કરતા વલ્લભ વિદ્યાનગર દિવસને પ્રેરણાપુરુષ સરદાર પટેલ અને આદ્યસ્થાપકો ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને એચ.એમ.પટેલ સાહેબને યાદ કરવાના અને તેમનાં સ્વપ્નો અને આદર્શો સાકાર કરવાના સંકલ્પો સૌએ સાથે મળીને મૂર્તિમંત કરવા માટેનો દિવસ ગણાવ્યો. તેમણે પૂર્વસૂરિઓને વંદન કરી તેમના યોગદાનને બિરદાવી આદ્યસ્થાપકોએ મૂકેલા આદર્શને પગલે આગળ વધવા માટે પોતાના ૭ સાથીદારો, સભાસદો, આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો, શુભેચ્છકો, દાતાઓ અને કર્મચારીઓ તેમ જ વિદ્યાર્થીઓના યોગદાનને બિરદાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબે સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપનાના પ્રારંભમાં બે વર્ષ સુધી સરકારે નાણાં આપવાનો નન્નો ભણ્યો હતો, છતાં ચારુતર વિદ્યામંડળની કરોડોની સંપત્તિ અને રોકડ થકી યુનિવર્સિટી સ્થાપવાનું અને શિક્ષણયજ્ઞને આગળ ધપાવવાનું આદ્યસ્થાપકોએ શક્ય બનાવ્યું હતું.

ડૉ.પટેલ કહ્યું હતું કે આદ્યસ્થાપકોએ વાવેલા છોડની સુગંધ એવી પ્રસરી છે કે અત્યારે અમારે દાન માંગવા જવું પડતું નથી, દાતાઓ ચારુતર વિદ્યામંડળમાં વિશ્વાસ મૂકીને સામેથી દાન આપવા આવે છે અને એમનાં પવિત્ર નાણાંનો સદુપયોગ કરીને અમો પૂર્વસૂરિઓએ પ્રગટાવેલા શિક્ષણયજ્ઞની જ્યોતને પ્રજ્વલિત રાખવાનો યત્કિંચિત પ્રયાસ કરી રહ્યા છીએ. ડૉ.પટેલે કહ્યું હતું કે ઘણીબધી વિશિષ્ટ કૉલેજોની સ્થાપના કરવામાં આવી પણ હવે એવું લાગે છે કે કૉલેજ શિક્ષણ ઉપરાંત રોજગારી મેળવવા માટે આઈટીસી દ્વારા કુશળ કારીગરો તૈયાર કરવાની જરૂર છે એટલે સીવીએમ આ વર્ષે બે વધુ સંસ્થાઓ આઈટીસીની શરૂ કરી સૌને માટે કાર્ય કરીને સમાજના ઉત્થાનમાં યોગદાન આપવા સક્રિય બનશે. અત્યારે સીવીએમની ૪૮ સંસ્થાઓમાં ૩૫ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ-તાલીમ લઈ રહ્યાં છે.

### સૅરલિપના વાર્ષિકોત્સવમાં સરદારવિષયક દસ પુસ્તકોની પ્રથમ શ્રેણીનું લોકાર્પણ

એકવીસમી સદી જ્ઞાનની સદી હોય ત્યારે વૈશ્વિક વાવાઝોડાની તોફાની આબોહવા આવતા દિવસોમાં અનેક પ્રજા અને સંસ્કૃતિને તેના મૂળમાંથી ઉખેડી રહી છે એ સંજોગોમાં મહાત્મા ગાંધી, સરદાર અને વિજ્ઞાનનું સહચિંતન આગામી દિવસોમાં સ્પષ્ટ દિશાસૂચન કરાવશે, એવો આશાવાદ દેશ-વિદેશમાં જાણીતા વૈજ્ઞાનિક અને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક(વાઈસ ચાન્સેલર) ડૉ.અનામિક શાહે વ્યક્ત કર્યો હતો.

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના છઠ્ઠા વાર્ષિકોત્સવ સમારંભમાં મુખ્ય અતિથિ ડૉ.શાહે 'મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને વિજ્ઞાન' અંગે સરદાર પટેલ વ્યાખ્યાન આપ્યું હતું. મંચસ્થ મહાનુભાવોમાં પ્રભારી મંત્રી અને સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ પણ હતા. ડૉ.શાહે કહ્યું હતું કે ગાંધીજીના વિચાર અને કામગીરીથી પ્રભાવિત અને એના વાહક સરદાર સાહેબ પોતાના વૈજ્ઞાનિક અભિગમ દ્વારા રાજકીય તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો અને વહેવારુ સ્વરૂપમાં લાગુ પાડી દેશની એકતાના શિલ્પી બન્યા હતા. તેમને કદાચ જો વધુ સમય મળ્યો હોત તો તેમણે ખેડા જિલ્લામાં શિક્ષણ, સહકારી અને ગ્રામકેન્દ્રિત યુનિવર્સિટીના પ્રયોગો અંગે વધુ માર્ગદર્શન પૂરું પાડીને ગાંધીજીની ગ્રામસ્વરાજની કલ્પનાને મૂર્તિમંત કરવા જુદું જ મૉડેલ આપ્યું હોત.

મહાત્મા ગાંધીએ ૧૯૨૦માં સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના નવનિયુક્ત વાઈસ ચાન્સેલર ડૉ.અનામિક શાહે કહ્યું હતુંઃ 'આર્થિક સમૃદ્ધિ કે સામાજિક સુધારાઓ

વિનાની રાજકીય આઝાદીથી ધાર્યાં પરિણામો નહીં આવે તે સમજવામાં તેમની દૂરંદેશી હતી. તેથી તેમણે એવી વ્યૂહરચના અપનાવી કે જે સ્વશાસન, એકીકરણ તેમજ આધુનિકતાને ત્રિભેટે આવીને અચાનક સફાળા જાગેલા રાષ્ટ્રને અને પ્રજાને તેના પ્રત્યાઘાતોમાંથી ઉગારે. તેમણે ત્રણ મુદ્દાની વ્યૂહનીતિ અપનાવી. (અ) ૧.ગ્રામીણ વાતાવરણને અનુરૂપ હોય તેવી ટૅક્નોલોજી લાવવી. ૨. સંબંધિત કૌશલ્ય સંવર્ધન માટે કૃષિ સંશોધન સંસ્થાન સ્થાપવું. ૩. યોગ્ય કાચામાલના ઉપભોગ માટેનું સંશોધન કરાવવું. ૪. આ સંશોધનના ફળસ્વરૂપે મળેલ યોગ્ય(એપ્રોપિયેટ) ટૅક્નોલૉજી ગ્રામીણ સમાજ સુધી પહોંચાડવી. (બ) ગ્રામીણ વિસ્તારમાં જ યુનિવર્સિટી સ્થાપીને ગ્રામીણ શ્રમજીવીઓને શિક્ષણ પૂરું પાડવું. (ક) ઉત્પાદકોની સહકારી માર્કેટિંગની વ્યવસ્થા ઊભી કરવી, જેનાથી માથાદીઠ આવકમાં પણ નોંધપાત્ર વધારો થાય તેમ જ સ્થાનિક ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળે.'

ડૉ.શાહે ઉમેર્યું હતું કે કમનસીબે સ્વરાજ પછી સરદાર સાહેબ દેશના અનેકવિધ પ્રશ્નોમાં એટલા ડૂબી રહ્યા કે ખેડામાં તેમણે કરેલા ક્રાંતિકારી પ્રયોગો કે કૃષિ-કેળવણી અને ગ્રામાભિમુખ અર્થવ્યવસ્થાનો સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ એટલે સુધી જ મર્યાદિત રહ્યો. સરદાર સાહેબને તેના અંગે વ્યાપક રાષ્ટ્રીય કક્ષાએ પ્રસાર કરવાનો અવસર ક્યારેય પ્રાપ્ત ન થયો.

સમગ્ર દેશમાં સરદાર પટેલના જીવન અને કાર્યો પર સંશોધન સર્વપ્રથમ અને અત્યાર સુધીની એકમાત્ર સંશોધન સંસ્થા'સૅરલિપ'ની વર્ષ ૨૦૦૯માં ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળ સ્થાપના કરનાર અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અધ્યક્ષીય ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓ અને નવી પેઢીમાં સરદાર માટે પ્રેમની ભાવના જગાડવા પર ભાર મૂક્યો હતો. તેમણે ગાંધીજી અને સરદાર પટેલના વૈજ્ઞાનિક અભિગમની સરાહના કરતાં ચરખાને પણ યંત્ર જ લેખાવીને ગાંધી-સરદાર ભારતને અનુરૂપ યોગ્ય તંત્રજ્ઞાનના સમર્થક હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

સૅરલિપના છઠ્ઠો વાર્ષિકોત્સવમાં એમ.ફિલ.નાં સ્કૉલર્સનાં સરદાર પટેલવિષયક સંશોધનઆધારિત ૧૦ પુસ્તકોનું મુખ્ય અતિથિ ડૉ.શાહ અને અધ્યક્ષ ડૉ.પટેલના શુભહસ્તે લોકાર્પણ થતાં સમારંભ ઐતિહાસિક બની રહ્યો હતો. સરદાર પટેલ પરની પ્રથમ પુસ્તકશ્રેણી-૨૦૧૫ અંતર્ગત પ્રકાશિત પુસ્તકોમાં સરદાર પટેલનો વિનોદ(બીના એન.રાઠવા), સરદાર પટેલ ઍન્ડ વાઈટ રિવોલ્યુશન(કામિની આચાર્ય), સરદાર પટેલ અને કસ્તુરભાઈ લાલભાઈ(દીપિકા ડુંગરિયા), સરદાર પટેલ અને મહિલા સશક્તિકરણ(ચેતનકુમાર જી.ચૌધરી), સરદાર પટેલનાં માનપત્રો (હેમંતકુમાર જી.ચૌધરી) સરદાર પટેલના આર્થિક વિચારો (દિવ્યેશ પટેલ), સરદાર પટેલ અને વીર નરીમાન(ભૂમિકા વસાવા), સરદાર પટેલનાં રચનાત્મક કાર્યો(કીર્તિબહેન એન.પટેલ) અને સરદાર પટેલની સામાજિક નિસબત (કૈલાસબેન બામણિયા)નો સમાવેશ હતો.

પ્રારંભમાં સરદાર પટેલ સંશોધન સંસ્થા - સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ આવકાર પ્રવચનમાં મહેમાનોનો પરિચય આપ્યો હતો. તેમણે ગાંધીયન સ્ટડીઝ અને આંબેડકર સ્ટડીઝની જેમ સીવીએમ થકી સર્વપ્રથમ શરૂ કરાયેલા સરદાર પટેલ સ્ટડીઝને વ્યાપક સ્વીકૃતિ મળે એવી અપેક્ષા કરવાની સાથે જ માતૃભાષા ગુજરાતીમાં ભણનારાં વિદ્યાર્થીઓ માટે સંશોધનની વિશેષ તાલીમ, પ્રવેશ પરીક્ષા અંગે પુનર્વિચાર અને વિદેશી વિદ્યાર્થીઓ તેમ જ વિદ્વાનોમાં પણ સરદાર પટેલ વિષયક અભ્યાસ - સંશોધનની જાગૃતિ માટેના પ્રયાસો હાથ ધરવા પર ભાર મૂક્યો હતો.

સૅરલિપની મધ્યસ્થ વિદ્યાર્થી સમિતિના ઉપપ્રમુખ અને ઈતિહાસના અધ્યાપક ડૉ.વસંત પટેલે સંસ્થાની શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વર્ષ ૨૦૧૪-'૧૫નો અહેવાલ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું રસાળ શૈલીમાં સંચાલન સૅરલિપનાં સમાજશાસ્ત્રનાં અધ્યાપક ડૉ.પારુલટીના દોશીએ કર્યું હતું. સૅરલિપના જી.એસ. સંતોષ પટેલે આભારદર્શન કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોને હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માનિત કરાયાં હતાં. પુસ્તકશ્રેણીનાં દાતાશ્રી વાસંતીબહેન પટેલ અને ચંદનબહેન પટેલનું પણ અધ્યક્ષ ડૉ.પટેલને હસ્તે સન્માન થયું હતું.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રીવી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી એમ.જે.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ ઉપરાંત ૯૪ વર્ષીય ઉમેદભાઈ પટેલ, કવિ અશોકપુરી ગોસ્વામી, સાહિત્યપ્રેમી પૂંજાભાઈ પટેલ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના નિવૃત્ત વડા ડૉ.મહેશ

પાઠક, ઈતિહાસ વિભાગના વડા ડૉ.જિગીષ પંડ્યા, સંસ્કૃત વિભાગના વડા ડૉ.નિરંજન પટેલ, રાજ્યશાસ્ત્ર વિભાગના વડા ડૉ.બળદેવ આગજા, ગુજરાતી વિભાગના પૂર્વ વડા ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટ, મ્યુઝિયમ ક્યુરેટર અમોલ મોહિતે, સીવીએમની શિક્ષણ સંસ્થાઓના આચાર્યો ડૉ.સન્ની થોમસ, ડૉ.ભાવેશ પટેલ, ડૉ.ઘનશ્યામ ગઢવી, ડૉ.શૈલેશ હેડલી, પ્રિ.કનુ પટેલ, ડૉ.મહેશ ખ્રિસ્તી, પ્રિ.સુરેશ પટેલ, પ્રિ.વિજય સુથાર, પ્રિ.સંજય સુથાર, ડૉ.દીપક પટેલ સહિતનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

**એનવીપાસનો ૧૯મો વાર્ષિકોત્સવ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના ૧૯મા વાર્ષિકદિનની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા ખાતેના વડા સ્વામી નિખિલેશ્વરાનન્દજી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, સહમંત્રીશ્રીઓ , એડવાઇઝરી કમિટિના સભ્યો, સંસ્થાના દાતાશ્રી સ્વ. નટુભાઇ પટેલના પુત્રશ્રી મયૂરભાઇ પટેલ, વિવિધ સંસ્થાઓના આચાર્યશ્રીઓ, નિયામકશ્રીઓ વિગેરે મહાનુભાવોએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત, મહેમાનોની પરિચયવિધિ અને આવકાર જેવી ઔપચારિકતા બાદ સંસ્થાના આચાર્ય ડૉ.બાસુદેબ બક્ષીએ ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન થયેલી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. જ્યારે મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ તથા ફિઝિકલ સાયન્સ વિભાગના વડા ડૉ.હિમાંશુ ત્રિવેદીએ વર્ષ દરમ્યાન યોજવામાં આવેલી વિવિધ શિક્ષણેતર તથા ઇતર પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. કાર્યક્રમ દરમ્યાન મંચસ્થ મહાનુભાવો દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિકો તેમજ ચંદ્રકોથી સન્માનવામાં આવ્યાં હતાં. જ્યારે વર્ષ દરમ્યાન શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા ક્ષેત્રે અપાયેલા યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી.

મુખ્ય મહેમાનપદેથી સંબોધનમાં સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે વિષય સંબંધી શિક્ષણ ઉપરાંત ચારિત્ર્ય ઘડતર માટેનું શિક્ષણ પણ ખૂબ જ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા તેમની સફળતા માટે મનની એકાગ્રતા અને મનની શુદ્ધિ અનિવાર્ય છે. આ થકી જ સફળતાનાં નવાં સોપાનો સર કરી શકાય છે. તેમણે આ જ્ઞાનની સદીનો વિદ્યાર્થીઓને ભરપૂર લાભ ઊઠાવવા હાકલ કરી હતી તથા પોતાના સબળ પાસાંના વધુ તેજ બનાવી સકારાત્મક અભિગમ દ્વારા પોતાના જીવનને નિયમિત અને સમાજ માટે ઉપયોગી નીવડે તેવું બનાવવા સ્વામી વિવેકાનંદનાં અમુક દૃષ્ટાંતો ટાંકી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંબોધનના અંતમાં તેઓએ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી, આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓને આ સંસ્થાને સાર્થક બનાવવાના તેમના પ્રયત્નોને બિરદાવ્યા હતા અને શુભકામના પાઠવી હતી.

પ્રમુખસ્થાનેથી વિદ્યાર્થીઓ સંબોધતાં અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા મેળવેલ નેકનું એ એક્રેડિટેશન સંસ્થાનાં વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો તથા આચાર્યશ્રીના અથાગ પ્રયત્નોનું પરિણામ છે. તેમણે ચારુતર વિદ્યામંડળની ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે સતત પ્રયત્નશીલ રહેવાની નેમ વ્યક્ત કરતાં બે મહત્ત્વની જાહેરાતો કરી હતી. (૧) જે વિદ્યાર્થીઓ એન.વી. સાયન્સ કે વી.પી. સાયન્સમાં અભ્યાસ કરી અરિબાસ ખાતે જો અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરશે તો તેઓની છેલ્લા સેમેસ્ટરની ફી માફ કરવામાં આવશે. (૨) જે વિદ્યાર્થીઓએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે તેમની પણ એક સેમેસ્ટરની ફી સ્કોલરશિપ પેટે માફ કરવા જણાવ્યું હતું. ઉપરાંત તેઓએ શિક્ષકોને શૈક્ષણિક પરિણામ વધુ સારું આવે તેવા પ્રયત્નો કરવા હાકલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન અંગ્રેજી વિભાગના વડાશ્રી કાર્તિક જગતાપ તથા વિદ્યાર્થીની અદિતિએ કર્યું હતું. કાર્યક્રમના અંતમાં સંસ્થાના જનરલ સેક્રેટરી જસપ્રિતસિંહ પાબ્લાએ આભારવિધિ કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે આશરે ૧૫૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી અને નેક'એ' ગ્રેડથી પ્રમાણિત આ સંસ્થા છેલ્લાં૧૯ વર્ષથી પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના વિષયોમાં ગુણવત્તાસભર શિક્ષણનો સમગ્ર રાજ્યમાં એક પર્યાય બની રહેલ છે.આ સંસ્થાના વાર્ષિકદિનના આયોજન માટે સર્વે શિક્ષકગણ, ઓફિસ સ્ટાફ, સ ર્યશ્રી ડૉ.બાસુદેબ બક્ષીએ સર્વેને વાર્ષિકદીનનાં સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ॥ સૂચના ॥

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ડૉ. હરિ દેસાઇ**

તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ,

ભાઇકાકા લાઇબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર- ૩૮૮૧૨૦, જિ. આણંદ

ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭, ૯૮૯૮૫૪૩૮૮૧

ઇ-મેઇલઃ editor.vidyanagar@gmail.com, haridesai@gmail.com



લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ **£** આજીવન ૧૦૦ $ અથવા ૭૦ **£**

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦




ચારુતર વિદ્યામંડળસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપનો છઠ્ઠો વાર્ષિકોત્સવ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને અને ગૂજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર તથા જાણીતા વૈજ્ઞાનિક ડૉ.અનામિક શાહના મુખ્ય અતિથિપદે યોજાયો હતો. મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈ, મધ્યસ્થ વિદ્યાર્થી સમિતિના ઉપપ્રમુખ ડૉ.વસંત પટેલ, સૅરલિપનાં અધ્યાપક ડૉ.પારુલટીના દોશી અને જીએસ સંતોષ પટેલ હતાં. આ પ્રસંગે સરદાર પટેલવિષયક દસ પુસ્તકોનું લોકાર્પણ થયું હતું. (ઈન્સેટમાં) દાતા શ્રીમતી વાસંતીબહેન પટેલનું સન્માન કરતા અધ્યક્ષ ડૉ.પટેલ.




ચારુતર વિદ્યામંડળસંચાલિત ઈલસાસ કૉલેજનો છઠ્ઠો વાર્ષિકોત્સવ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને કૉર્પોરેટવિશ્વના જાણીતા સલાહકારશ્રી સુનીલ પારેખના મુખ્ય અતિથિપદે યોજાયો હતો. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, આચાર્ય ડૉ. સન્ની થોમસ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.સંજય કચોટ અને જીએસ જયવીર માટેડાનો સમાવેશ હતો.

V-Vidyanagar 17 (4) April 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Wednesday, 25.03.2015 No. of Pages 40 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# Chakra



Oil on Canvas

Manhar Kapadia

Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)